ज्ञानं संछिन्न संशयम्। ❖ मासिक ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૯ ❑ સપ્ટેમ્બર - ૨૦૧૭ ❑ અંક : ૪૪૩

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

શ્રી સર્જન યુવક સંઘઃ પેટ્રન - આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ પગથારઃ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com

## ખાબોચિયાને ભરતી-ઓટના અનુભવ નથી હોતા

**મને મળી નિષ્ફળતા અનેક તેથી થયો સફળ કંઈક હું જિંદગીમાં** ❑ **ઉમાશંકર જોશી**

કોઈપણ બે અજાણ્યા માણસ જ્યારે એકમેકને પહેલી વાર મળે છે ત્યારે સામાન્ય રીતે પહેલો પ્રશ્ન એ પૂછાય છે, તમે શું કરો છો ? કહો કે નોકરી કરું છું, તો સામે પ્રશ્ન આવે છે, ક્યાં ? આ પ્રશ્ન લાગે છે એટલા નિર્દોષ નથી હોતા. નોકરી હોય તો ક્યાં નોકરી છે ? એ નોકરીમાં તમારું શું સ્થાન, માન છે - એ બધું જ જાણી લેવાય છે. તમે કોઈ સત્તાના હોદ્દા પર હો તો મનોમન ગણતરી થઈ જતી જ હોય છે કે તમે ક્યારે કેટલા કામના છો ? આ બધું અરસપરસ ચાલતું હોય છે. સમાજમાં જીવવા માટે માણસે કંઈક ને કંઈક તો કરવું પડતું હોય છે. કોઈક નાની-મોટી નોકરી કરે. કોઈ ડૉક્ટર કે વકીલ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો વ્યવસાય કરે. કોઈ નાનો-મોટો ધંધો કરે. કોઈ મોટો ઉદ્યોગ કરે.

કેટલાક એવા ઓલિયા ફકીર પણ હોય છે કે જો તમે એને પૂછો કે તમે એને પૂછો કે તમે શું કરો છો તો એ કહેશે હું કશું જ કરતો નથી. કશું ન કરવું અને સાદગીથી જીવવું એ પણ એક કલા છે. આવા માણસો વિરલ હોવાના. એવું માની લેવાને કારણ નથી કે કશું ન કરનારા માણસો એદી અને આળસુ હોય છે, પણ એની જીવનપદ્ધતિ જ જુદી હોય છે. આવા સંસારી સાધુઓ વિરલ કહેવાય. એમને કોઈ પાસે કોઈ અપેક્ષા નથી. આવા માણસની સમાજમાં કિંમત નથી હોતી રૂપિયા, આના, પાઈની દૃષ્ટિએ પણ આવા માણસનું મૂલ્ય હોય છે. ધન કે સ્વાર્થમાં એ રચ્યાપચ્યા નથી હોતા. કોઈ પણ પ્રકારના ઊહાપોહ વિના એ લોકો જીવે છે. સંસારીઓને આ વાત સહેલાઈથી સમજાય એવી નથી. પેટ્રીક કાવાનાથ નામના કવિનું એક વાક્ય છે કે મારા જીવનનું એક જ પ્રયોજન છે કે મને કોઈ પ્રયોજન નથી.

સંસાર એટલે જ વિવિધ પ્રકારની વ્યક્તિઓ, દરેકની વૃત્તિ-પ્રવૃત્તિઓ જુદી, પાર વિનાનું વૈવિધ્ય અને આ વૈવિધ્યમાં પણ કોઈ અજબ પ્રકારની એકતા. વિરલ અપવાદને બાદ કરીએ તો મોટા ભાગના માણસો કંઈક ને કંઈક કરતા હોય છે. લગાવ વિના કશું થતું નથી. લક્ષ્મી રાતોરાત કોઈને ત્યાં આવતી નથી. એની પાછળ તનતોડ અને મનતોડ મહેનત હોય છે. નોકરિયાત માણસ વધુ પડતી સલામતીથી પીડાય છે. ધંધા માટે તાકાત જોઈએ. સાહસની વૃત્તિ જોઈએ. નુકસાન ખમી ખાવાની પણ ધીરજ જોઈએ. છાતી પર પોલાદના વાળ જોઈએ. પૈસો આવે ત્યારે ફુલાઈ જઈએ અને પડતી થાય ત્યારે અકળાઈ જઈએ એ માણસ કદી ઉદ્યોગપતિ ન થઈ શકે. બૅલેન્સસીટ પર ભલે નજર હોય પણ મનનુ બૅલેન્સ-મનની સમતુલા જાળવવી જોઈએ. ગમે તે પરિસ્થિતિમાં માણસ ભાંગી ન પડવો જોઈએ. પુરૂષાર્થ અને પ્રારબ્ધની જુગલબંદી રચાતી હોય છે. પોતાની કુંડળી માણસે પોતે જ દોરવાની છે.

કામનો થાક નહીં, પણ કામનો આનંદ હોવો જોઈએ. મોટા મોટા ઉદ્યોગગૃહોનો મુખ્ય માણસ દીર્ઘદષ્ટિવાળો હોવો જોઈએ. આજની ક્ષણમાં એ અનેક આવતીકાલનાં બીજ રોપતો હોય છે. ટાટા, બિરલા કે અંબાણી રાતોરાત ઊભા નથી થતા. માણસની પરખ હોવી જોઈએ અને પછી એમાં વિશ્વાસ મૂકીને સત્તાનું વિકેન્દ્રીકરણ કરતાં આવડવું જોઈએ. બધા જ અશ્વોની લગામ પોતાના હાથમાં ન રખાય. પોતાની રાહબરી નીચે કામ કરતા માણસોને સત્તા સોંપતાં પણ આવડવું જોઈએ. એમના પગમાં દોરી બાંધીને એમને દોડવાનું કહેવાય નહીં.

જે માણસને ભરતી-ઓટના અનુભવ નથી થતા એ માણસના ચહેરાઓ સપાટ મેદાન જેવા હોય છે. માણસ ગમે એટલો પૈસા પાછળ દોડે તો પણ જબાન જેવી કાંઈ ચીજ છે એ વાત ક્યારેય ન ભુલાવી જોઈએ. એક વાર જો ઈજ્જત કોડીની થઈ જાય અને મથરાવટી મેલી થાય તો પછી એને માટે સ્થિર થવું બહુ મુશ્કેલ કામ છે.



પાંપણો પર જો પાળ બાંધી હોત ને સાહેબ, તો...આ આંખો સાતેય દરિયાની માલિક હોત.

વર્ક કલ્ચર જેવી વસ્તુ છે. તમને તમારું કામ અંદરથી ગમવું જોઈએ, જે માણસને કામ ગમતું નથી એ માણસ કદી સફળ થતો નથી. ધંધામાં પણ પરિવર્તન આવી શકે. પરિવર્તનનો આ પડકાર ઝીલવો જોઈએ. મોટા મોટા ઉદ્યોગગૃહોના માલિકોએ જોવું જોઈએ કે એમના સ્ટાફમાં સ્ટફ છે કે નહીં. કોઈ તમારે ત્યાં નોકરી કરે તો એની ઈજ્જત કરવી જોઈએ. માણસ નોકરી કરે છે, ગુલામી નથી કરતો. એનો સ્ટાફ જે કેન્ટીનમાં ખાતો હોય એ કેન્ટીનમાં પણ પોતે કદી ખાવું જોઈએ. જે શૌચાલયનો ઉપયોગ કરતો હોય એ પણ ચોખ્ખા છે કે નહીં એની દરકાર રાખવી જોઈએ. ધ બેસ્ટ ઑફ બિઝનેસ ક્વૉટેશન્સમાં આવી કેટલીક વાત છેડાઈ પણ છે. એક જણે તો એટલે સુધી કહ્યું કે મોટા ભાગના માણસો સફળતાનાં સપનામાં રાચે છે. સફળતા નિષ્ફળતામાંથી જન્મે છે. આપણે નિષ્ફળ થઈએ એનો દોષ બીજા પર ઢોળવા કરતાં અંતર્મુખી થઈને શું ચૂકી ગયા છીએ એ જાણી લેવું જોઈએ. ઉમાશંકર જોશીની એક પંક્તિ યાદ આવે છે.

*મને મળી નિષ્ફળતા અનેક*
*તેથી થયો સફળ કંઈક હું જિંદગીમાં*

તમે નિષ્ફળ થાઓ ત્યારે હતાશ થાઓ એ સ્વાભાવિક છે, પણ હું નિષ્ફળ થઈશ એ બીકે કશું જ ન કરવું એના જેવું ખરાબ કંઈ નથી. માણસ થાકવો ન જોઈએ. એક વાર પડ્યા તો પડ્યા, પણ પછી એના એ કાદવમાં આળોટવું ન જોઈએ. કાદવ ખંખેરીને ઊભા થતાં આવડવું જોઈએ.

માણસને જ્યારે કશુંક મળતું હોય છે ત્યારે કશુંક ગુમાવવું પડતું હોય છે. સફળ માણસ પણ જીવનમાં ઘણું ગુમાવતો હોય છે. કુટુંબને પૂરતો સમય આપી શકતો નથી. કુટુંબના સહકાર પર ઘણો આધાર છે. મોટા ભાગના માણસો કામ-ધંધો, કુટુંબ હેમખેમ રહી શકે એ ઈરાદાથી કરતા હોય છે. હું મારા કુટુંબને સગવડો પૂરી પાડું, પૂરતાં સુખચેન આપું એ એનું ધ્યેય હોય છે. મોટા ભાગનાં માણસો પોતાનાં સંતાનો માટે, પોતે જ દુનિયામાં જીવે છે એના કરતાં વધારે સારી દુનિયામાં મૂકવા મથે છે.

જે માણસ કામની વચ્ચે પોતાનો આરામ શોધી લે છે એ માણસને હું સાચો સફળ માણસ ગણું. એટલા બધા વર્કોહોલિક ન થઈ જઈએ કે રિલેક્સ થવાની કળા ગુમાવી બેસીએ.

હાઈરેન્ક બ્યોલની એક વાર્તાનો અનુવાદ કર્યો હતો એ યાદ આવે છે. એક માણસ છે. એ દેખીતી રીતે કશું જ કરતો નથી. એ એના હાસ્ય માટે જાણીતો છે. કોઈ એને પૂછે કે તમે શું કરો છો ? તો કહે કાંઈ નહીં. હું તો હસણિયો છું. કેવળ હસું છે. કેવળ હસવાનો વ્યવસાય હોઈ શકે ? હા, હોઈ શકે. વાત એમ બની કે એ એક પાર્ટીમાં ગયો. એ ખડખડાટ હસતો હતો. એના હાસ્યની વિવિધ છટાઓ અને વિવિધ અવાજો હતા. ત્યાં કોઈ રેકૉર્ડિસ્ટ હતો. એણે એ માણસને કામે રોકી લીધો. એનું કામ માત્ર જ્યારે રમૂજી પ્રસંગો ભજવાય ત્યારે હસવાનું. રાજા હસે તો કેવું હસે. આખું ટોળું હસે તો કેવું હસે. હાસ્યનો એની પાસે કોઈ અનોખો કસબ હતો. ટીવીના દિગ્દર્શકો એના પર આફરીન હતા. પરણેલો હતો. કુટુંબ હતું. જવાબદારી હતો. પૈસાની જરૂર હતી એટલે એ હસતો. એનું હાસ્ય ધ્વનિબદ્ધ કરવામાં આવતું. રવિવારનો દિવસ હતો. રવિવારે એ હસતો નહીં. પત્નીને નવાઈ લાગતી. પત્ની એક દિવસ પૂછે છે કે તમે હસતા કેમ નથી ? કોઈ સુથાર હોય અને બધાને ત્યાં ફર્નિચર બનાવે, પણ પોતાના ઘરના દરવાજાની મરામત ન કરે તો કેવું લાગે ? રવિવાર એના આરામનો દિવસ હતો. પત્ની ફરીથી પૂછે છે કે તમે હસતા કેમ નથી ? પતિ માત્ર એટલો જ જવાબ આપે છે : 'આમ તો હું અનેક પ્રકાર હસું છું પણ મારું પોતાનું હાસ્ય કદાચ સાંભળ્યું નથી. હું બીજાઓ વતી ખૂબ હસ્યો છું. પણ મારા વતી કેમ હસવું એ કલા હું ભૂલી ગયો છું.'

જીવનમાં આવું જ થતું હોય છે. કોઈક રૉંગ નંબર પણ ડાયલ થઈ જાય છે. પત્ર લખ્યો હોય છે ત્યારે સરનામું મળતું નથી અને સરનામું મળે છે ત્યારે પત્ર લખવાનો ઉત્સાહ અને કલા બન્ને ગુમાવી બેસીએ છીએ.

**- સુરેશ દલાલ**
**('ચિત્રલેખા'ના સૌજન્યથી)**

## જન્મ આવતો

જન્મ આવતો કેવટ નો હો
નથી ઈચ્છતો રામ બનું હું
જન્મ આવતો શબરી નો હો
નહીં નંદ નો કાન બનું હું
અગર બન્યો વાનર પર જન્મે
અંજની પુત્ર સમો પ્રભુ કરજે
રામેશ્વરમ ની રેતી પર ની
ખિસકોલી બનવું પણ ગમશે
નથી કરમ પણ મારા એવાં
પક્ષીરાજ જટાયુ જેવા
જુઓ ભાગ્ય નંદીના કેવા
કરે અહરનિશ શિવની સેવા

**- હિંમત જોષી**

## શતં જીવ શરદ:
## (‘સર્જન’ના સભાસદો અને /અથવા ‘સર્જન’ના પેટ્રન આધારસ્થંભ દાતા)

| નામ | મુળ વતન | તારીખ | ફોન સંપર્ક |
|---|---|---|---|
| સુશ્રી સુર્યાબેન અરવિંદભાઇ વ્યાસ | દેરોલ | ૧૨મી સપ્ટેમ્બર | (022) 28549420 |
| સુશ્રી ધારીણી મિલન જોષી | ઇલોલ | ૧૨મી સપ્ટેમ્બર | (O) 9228309444 |
| કુ. કિન્નરી સુરેશભાઇ જપી | સાચોદર | ૧૨મી સપ્ટેમ્બર | (O) 7600406892 |
| શ્રી ભુપેન્દ્ર પુરૂષોત્તમ આચાર્ય | ઇલોલ-અમદાવાદ | ૧૨મી સપ્ટેમ્બર | (079) 25432536 |
| સુશ્રી રૂપલ દેવદત્ત રાવલ | આગલોડ | ૧૨મી સપ્ટેમ્બર | (O) 9373783648 |
| શ્રી વિશાલ હરેશભાઈ જોષી | દેરોલ | ૧૩મી સપ્ટેમ્બર | (O) 9879859519 |
| સુશ્રી આરતીબેન જયેશભાઈ ત્રિવેદી | દેરોલ | ૧૩મી સપ્ટેમ્બર | - |
| શ્રી અન્વેશ સતીષભાઈ જોષી | આગલોડ | ૧૩મી સપ્ટેમ્બર | - |
| શ્રી અનંતભાઇ કાંતીલાલ જાની | દેરોલ | ૧૪મી સપ્ટેમ્બર | (O) 9224163716 |
| શ્રી અલ્કેશ પ્રવિણચંદ્ર જોષી | જામળા | ૧૫મી સપ્ટેમ્બર | (O) 9967850943 |
| સુશ્રી રાખીબેન ઉદયકુમાર પુરાણી | જામળા-વડોદરા | ૧૫મી સપ્ટેમ્બર | (O) 9427689222 |
| સુશ્રી મીત્તલ રાજન પંડયા | સંઘપુર | ૧૫મી સપ્ટેમ્બર | (O) 7698895638 |
| શ્રી અશોકભાઇ રમણિકલાલ જોષી | દાવડ | ૧૬મી સપ્ટેમ્બર | (O) 9867053517 |
| સુશ્રી બીજલ શૈલેષ રાવલ | વજાપુર | ૧૬મી સપ્ટેમ્બર | (O) 9825051203 |
| શ્રી ત્રીલોક પ્રવિણચંદ્ર જોષી | દાવડ-મુંબઇ | ૧૬મી સપ્ટેમ્બર | (O) 9324324287 |
| સુશ્રી અમીતા મૌલિક જપી | સાચોદર | ૧૭મી સપ્ટેમ્બર | (O) 9724303556 |
| શ્રી ચિંતન જયરાજ જપી | પ્રેમપુર | ૧૯મી સપ્ટેમ્બર | (O) 9172969584 |
| શ્રી રીતેશ મહેશભાઇ ઠાકર | પ્રેમપુર | ૧૯મી સપ્ટેમ્બર | (O) 9428965169 |
| શ્રી તારકભાઇ રવિશંકર ઉપાધ્યાય | કડોલી | ૨૦મી સપ્ટેમ્બર | (O) 9322892986 |
| સુશ્રી અનુરાધાબેન ઉમેશભાઇ ત્રિવેદી | ઇલોલ-પુણે | ૨૧મી સપ્ટેમ્બર | - |
| શ્રી દર્શન મધુકર પાઠક | ખેડાવાડા | ૨૧મી સપ્ટેમ્બર | (011) 644602837 |
| સુશ્રી સ્નેહલ પ્રિયમ વ્યાસ | દેરોલ | ૨૧મી સપ્ટેમ્બર | (022) 28543557 |
| શ્રી કુલદીપ રાજેન્દ્રભાઈ પાઠક | ખેડાવાડા | ૨૨મી સપ્ટેમ્બર | (O) 9974143999 |
| શ્રી વિશાલ ઉમેશભાઈ પંડયા | કડોલી | ૨૩મી સપ્ટેમ્બર | (O) 9930497255 |
| સુશ્રી કોમલ કિરણ શાહ | પ્રેમપુર-મુંબઈ | ૨૩મી સપ્ટેમ્બર | (O) 9324274690 |
| સુશ્રી દિપ્તી કનક ઠાકર | પેઢામલી | ૨૫મી સપ્ટેમ્બર | (O) 9825090622 |
| શ્રી ડો. કલ્પેશભાઇ કિરણચંદ્ર ત્રિવેદી | દેરોલ | ૨૬મી સપ્ટેમ્બર | (O) 9825164570 |
| સુશ્રી પ્રભાબેન રજનીકાંત પંડ્યા | સંઘપુર | ૨૬મી સપ્ટેમ્બર | (022) 26492162 |
| સુશ્રી પુનમ અલ્કેશ જોષી | જામળા | ૨૬મી સપ્ટેમ્બર | (O) 9820614278 |
| શ્રી વિજયભાઇ અમૃતલાલ ઠાકર | પ્રેમપુર | ૨૭મી સપ્ટેમ્બર | (022) 28658111 |
| શ્રી ધનંજયભાઈ જગન્નાથ પાઠક | ખેડાવાડા | ૨૮મી સપ્ટેમ્બર | (O) 9321234302 |
| શ્રી દીપક કાન્તીલાલ જોષી | એકલારા | ૨૮મી સપ્ટેમ્બર | (O) 9979548494 |
| સુશ્રી અંજનાબેન પંકજભાઈ જપી | સાચોદર | ૨૮મી સપ્ટેમ્બર | (O) 9769414965 |
| સુશ્રી હેમલતાબેન નરેન્દ્રભાઇ ઉપાધ્યાય | જામળા | ૨૯મી સપ્ટેમ્બર | (079) 25895162 |
| શ્રી દિપકભાઇ કાંતીલાલ જોષી | આગલોડ | ૩૦મી સપ્ટેમ્બર | (O) 9870551918 |
| શ્રી ચાણક્ય મનોજસેન ઠાકર | પ્રેમપુર | ૩૦મી સપ્ટેમ્બર | (O) 9769109963 |
| શ્રી અજયભાઈ જ્યંતિલાલ શુકલ | અમદાવાદ | ૩૦મી સપ્ટેમ્બર | (079) 29299393 |
| શ્રી બિપિનચંદ્ર અંબાલાલ ઉપાધ્યાય | જામળા | ૧લી ઓકટોબર | (O) 9724155316 |
| સુશ્રી વિરબાળાબેન જયપ્રકાશભાઈ વ્યાસ | દાવડ | ૧લી ઓકટોબર | (022) 27668523 |
| સુશ્રી દર્શનાબેન જનકભાઈ જોષી | દેરોલ | ૨જી ઓકટોબર | (O) 9769755938 |
| સુશ્રી ભારતીબેન સનાતનભાઇ જોષી | આગલોડ | ૨જી ઓકટોબર | (022) 25068200 |
| શ્રી રમેશચંદ્ર માણેકલાલ ગોર | દાવડ | ૨જી ઓકટોબર | (022) 21026953 |
| શ્રી હિતેનભાઇ ચંદ્રકાન્ત જોષી | આગલોડ | ૩જી ઓકટોબર | (O) 9825486833 |
| સુશ્રી રાહીલ ઉપેનકુમાર જોષી | દેરોલ-અમદાવાદ | ૪થી ઓકટોબર | (079) 26821539 |
| સુશ્રી દર્શનાબેન કિરણભાઇ દવે | સાચોદર-ચેન્નઇ | ૪થી ઓકટોબર | (044) 26426369 |
| શ્રી ઉપેન્દ્રભાઈ ડાહ્યાલાલ પંડયા | કડોલી | ૪થી ઓકટોબર | (O) 9699206521 |
| શ્રી મનહરભાઇ ગીરીધરલાલ જોષી | આગલોડ | ૫ મી ઓકટોબર | (02772) 232641 |
| સુશ્રી હેમા દક્ષેશ ઠાકર | પ્રેમપુર | ૫ મી ઓકટોબર | (O) 9324915191 |
| શ્રી રાજેન્દ્રભાઇ કિરણચંદ્ર પાઠક | ખેડાવાડા | ૫ મી ઓકટોબર | (O) 9925207738 |
| સુશ્રી શ્રધ્ધા પરીન પંડયા | પ્રેમપુર-મુંબઈ | ૫ મી ઓકટોબર | (O) 9819512308 |
| શ્રી હરિહરભાઇ પ્રહલાદજી વ્યાસ | સાંપડ | ૬ ઠ્ઠી ઓકટોબર | (O) 9426535646 |
| શ્રી નિશાંત ચંદ્રકાન્ત વસાણી | આગલોડ-મુંબઇ | ૬ ઠ્ઠી ઓકટોબર | (O) 9920883425 |
| શ્રી અંકિત કરસનદાસ સેલારકા | ખેડાવાડા-કોલકતા | ૬ ઠ્ઠી ઓકટોબર | (O) 7735309554 |
| શ્રી મહેન્દ્રભાઇ કાંતીલાલ જોષી | આગલોડ | ૭મી ઓકટોબર | (O) 9029821465 |
| સુશ્રી પુર્ણિમાબેન દીપકભાઈ જોષી | આગલોડ | ૭મી ઓકટોબર | (O) 9920883430 |
| શ્રી અંકિત કલ્પેશભાઇ જોષી | દેરોલ | ૮ મી ઓકટોબર | (O) 9327358916 |
| શ્રી સતીષભાઇ કાન્તીલાલ જોષી | આગલોડ | ૯ મી ઓકટોબર | (O) 9323980519 |
| શ્રી રાજેશભાઇ નવિનચંદ્ર ઉપાધ્યાય | જામળા | ૯ મી ઓકટોબર | (O) 9820179402 |
| સુશ્રી શીતલ રોનક જોષી | આગલોડ | ૯ મી ઓકટોબર | (O) 9624174038 |
| શ્રી ધર્મેશ પ્રદીપભાઈ ભટ્ટ | આગલોડ | ૯ મી ઓકટોબર | (O) 9924104192 |
| શ્રી સંદીપ વિનોદચંદ્ર મણીયાર | દેરોલ-મુંબઈ | ૯ મી ઓકટોબર | (O) 9821531398 |
| શ્રી પ્રકાશ ભગતભાઈ જયસીઘાની | દેરોલ-મુંબઈ | ૯ મી ઓકટોબર | (O) 9820844214 |
| શ્રી આલોક જયરાજ જપી | પ્રેમપુર | ૧૦ મી ઓકટોબર | (O) 8286455278 |

**આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન**

(‘સર્જન’ના સભાસદો અને/અથવા પેટ્રન-આધારસ્થંભ દાતાના નામો અંહી પ્રગટ થાય છે પણ જેઓના નામ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ અમને તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે ‘સર્જન’ના સભાસદોના અને/અથવા **‘શ્રી સર્જન યુવક સંઘ’ના પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થાય છે.** શ્રી સર્જન યુવક સંઘના પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા અને જન્મતારીખ જણાવવા વિનંતી છે. )

## વિનંતી

આપશ્રી સર્જન યુવક સંઘ -પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચમાં રોકડ તથા ચેકથી દાન ભરી શકશો. આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર, બેંકનું નામ, રકમ અને તારીખ વિગેરે વિગતો જણાવવા વિનંતી છે. અથવા તે બેંક સ્લિપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા અથવા શ્રી સર્જન યુવક સંઘના E-Mail ID ઉપર મોકલશો. તે ઉપર ચેક નંબર, રકમ, તારીખ અને બેંકનું નામ લખવા વિનંતી છે.

## વિનંતી

‘‘**પગથાર**’’ માં પ્રતિમાસ પ્રત્યેક લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર ક્યારેક વિવિધ સ્થળોએથી સાંપડે છે અને ક્યારેક મેળવવામાં આવે છે. આવા પ્રત્યેક મંગલ પ્રસંગોનું આમંત્રણ કાર્ડ અથવા કંકોત્રી ‘‘**સર્જન-પગથાર**’’ના કાર્યાલયમાં મોકલવા વિનંતી છે જેથી પ્રત્યેક સમાચારોનું સંકલન સરળતાથી થઈ શકે અને તે સમાચાર ‘**પગથાર**’માં પ્રગટ કરી શકાય. આવા સહયોગની અમને અપેક્ષા છે.

**આપણા મંડળની ઓફીસે કવર મોકલતા ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.....**

શ્રી સાર્જન યુવક સંઘ, - મુંબઈ ઓફિસ ઉપર કવર મોકલો તો કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે. કારણકે જો ઓફિસ બંધ હોય તો કવર પાછું જવાની પુરી સંભાવના રહે છે. આપનું કવર મંડળને વ્યવસ્થિત મળે અને પાછું ન જાય તે માટે નીચે મુજબ એડ્રેસ લખી મોકલવા વિનંતી છે. કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે.

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com

E-mail : pagthar@yahoo.com or

sarjan.pagthar@rediffmail.com



આજકાલ કોઈને એલાર્મ નથી જગાડતુ સાહેબ....હર કોઈને તેની જવાબદારીઓ જ જગાડે છે.

## શ્રી સર્જન યુવક સંઘ,મુંબઈ

**પારિતોષક-શિષ્યવૃતિ શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭**

૧) ધો.૫માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ચંદ્રિકાબેન અમૃતલાલ વ્યાસ પારિતોષક**

૨) ધો.૬માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **સુમીત્રાબેન મણીલાલ જોષી પારિતોષક**

૩) ધો.૭માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **મણીલાલ જીવતરામ જોષી પારિતોષક**

૪) ધો.૮માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જયંતિલાલ મગનલાલ જોષી પારિતોષક**

૫) ધો.૯માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **દીપાલી દેવદત રાવલ પારિતોષક**

૬) ધો.૫ થી ૯માં વિદ્યાર્થીભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જતિન રજનીકાંત પંડ્યા પારિતોષક**

૭) ધો.૫ થી ૯માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જતિન રજનીકાંત પંડ્યા પારિતોષક**

૮) S.S.C.(Matriculation,I.C.S.E,C.B.S.C.,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર ને **વાસુદેવ જગન્નાથ જપી પારિતોષક**

૯) **S.S.C.(Matriculation,I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **હીરાબેન નાનાલાલ જોષી પારિતોષક**

૧૦) **S.S.C.(Matriculation,I.C.S.E.,C.B.S.C.,**ધો.૧૦) માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **દીવાળીબેન શોભારામ જોષી પારિતોષક**

૧૧) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં ગણિતમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ગુણવંતીબેન નાગરદાસ વખારીયા પારિતોષક**

૧૨) **S.S.C.(Matriculation,I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાંગુજરાતીમાં સર્વાધિક ગુણાંકમેળવનારને **કુ. સરોજ અંબાલાલ ઠાકર પારિતોષક**

૧૩) **S.S.C. ( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં હિંદીમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ઉમીયાબેન કપીલદેવ ઠાકર પારિતોષક**

૧૪) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં અંગ્રેજીમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **કપીલદેવ હરગોવિંદદાસ ઠાકરપારિતોષક**

૧૫) **S.S.C.(Matriculation, I.C.S.E., C.B.S.C.,**ધો.૧૦)માં **Science & Technology** વિષયમાં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **શશીકળાબેન ભાનુશંકર જોષી પારિતોષિક.**

૧૬) **S.S.C.( Matriculation, I.C.S.E.,C.B.S.C.,**ધો.૧૦)માં Social Study સમાજશાસ્ત્ર વિષયમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **પદમાબેન ભરતભાઈ જપી પારિતોષિક.**

૧૭) સંસ્કૃતમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક- વિશિષ્ટ સ્થાન મેળવનારને **પૂર્ણિમાબેન કાન્તીલાલ ઠાકર-મધુબેન પરિમલભાઈ જપી પારિતોષક**

૧૮) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) માં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **નાથાલાલ ગણપતરામ ઠાકર પારિતોષક**

૧૯) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) માં વિદ્યાર્થી બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **શાંતાબેન મણીલાલ પંડ્યા પારિતોષક**

૨૦) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) ગુજરાત બોર્ડના સાયન્સ (વિજ્ઞાન) પ્રવાહમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **પ્રેમીલાબેન ડાહ્યાલાલ જોષી પારિતોષક**

૨૧) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) કોમર્સમાં વિદ્યાર્થી ભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **શીવશંકર શોભારામ જોષી પારિતોષક**

૨૨) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) કોમર્સમાં વિદ્યાર્થી બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જીવીબેન શીવશંકર જોષી પારિતોષક**

૨૩) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) સાયન્સ (વિજ્ઞાન) પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **જયેશ કિરણચંદ્ર ત્રિવેદી - સાંકુબેન ચુનીલાલ ત્રિવેદી પારિતોષક**

૨૪) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) ના સાયન્સ સ્ટ્રીમ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં Maths ગણિત વિષયમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ઉપેન્દ્રભાઈ મુળજીરામ જોષી પારિતોષક**

૨૫) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) English માં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ભરતભાઈ વિઠ્ઠલદાસ પાઠક પારિતોષક**





**જીવનમાં મુંજવતા દરેક પ્રશ્નોના ઉકેલ માટે**

**તથા**

**સુખશાંતિ અને સમૃધ્ધિ પ્રાપ્તિ માટે સંપર્ક કરજો**

**નવચંડીહવન, શ્રીમદભાગવતકથા, લઘુરૂદ્ર તથા અન્યવિધિ કરવામાં આવશે**

**સંપર્ક**

**સ્વામી પ્રણવાનંદગીરીજી મહારાજ**

B ૩/૧, ગ્રાઉન્ડ ફલોર, ખજુરીયા નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - 400067.

ફોન M. (0) 9920961768, (0) 9820861768

Email : astrology768@gmail.com / swamipranvanandgirijimaharaj.com

૨૬) એજ્યુએશન (Except B.A., B.Com., B.Sc., B.E., B.Tech.,) માં વિદ્યાર્થી ભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **દયાશંકર શોભારામ જોષી પારિતોષક**

૨૭) એજ્યુએશન (Except B.A., B.Com., B.Sc., B.E., B.Tech.,) માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **નર્મદાબેન જેઠીરામ વ્યાસ પારિતોષક**

૨૮) B.Sc.,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને રૂા.૫૦૧/- નું **મંજુલાબેન રમેશભાઈ જાપી પારિતોષક**

૨૯) B.A.,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને રૂા.૫૦૧/- નું **શાંતાબેન રમણિકલાલ જોષી પારિતોષક**

૩૦) B.Com.,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને રૂા.૫૦૧/- નું **ચંદ્રીકાબેન પુરૂષોત્તમદાસ ઉપાધ્યા પારિતોષક**

૩૧) B.E., B.Tech.,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ભરતભાઈ નારાયણદાસ જાપી પારિતોષક**

૩૨) M.Com.,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **મીરાતબેન વિઠ્ઠલરામ ભટ્ટ પારિતોષક**

૩૩) M.Sc.,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **ચંચળબેન બાબુલાલ જોષી પારિતોષક**

૩૪) Post Graduation (M.A., M.Com., M.Sc.) માં વિદ્યાર્થી ભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનારને **પંકજ મનુભાઈ જાપી પારિતોષક**

૩૫) H.S.C.,હાયર સેકંડરી (૧) વિદ્યાર્થીભાઈઓમાં (૨) વિદ્યાર્થી બહેનોમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીભાઈઓને રૂા.૫૦૧/- અને વિદ્યાર્થીબહેનોને રૂા.૫૦૧/-**ગોમતીબેન ચુનીલાલ ઠાકર હસ્તે જશુમતીબેન સુમનભાઈ ઠાકર શિષ્યવૃત્તિ** એનાયત થાય છે.

૩૬) પ્રોફેશનલ ડીગ્રી પ્રાપ્ત કરનાર પ્રત્યેકને **શારદાબેન વાસુદેવ જોષી સરસ્વતી ગૌરવ પારિતોષક**,**રેવા શંકર કેશવરામ જાપી સરસ્વતી ગૌરવ પારિતોષક** અને **પદમાવતી અશ્વિનભાઈ ઠાકર સરસ્વતી ગૌરવ પારિતોષક** અપાશે.

37) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર સન ૨૦૧૭માં સંગીતના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને **નર્મદાશંકર બલદેવરામ રાવલ પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૩૮) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર વર્ષ ૨૦૧૭ દરમિયાનના શ્રેષ્ઠ વક્તાને **જશુમતીબેન સુમનભાઈ ઠાકર પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૩૯) સન ૨૦૧૭માં ફીલ્મી ગીતો ઉપર આધારિત ન હોય એવા સ્વરચિત ભજનોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને અથવા કર્મકાંડમાં અગ્રીમ યોગદાન આપેલ હોય અથવા પદવી/ઉપાધિ મેળવનારને અથવા સંશોધન અથવા કોઈ પદવી/ઉપાધિ મેળવનારને **રાધેશ્યામ મહારાજ સ્મૃતિ પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૪૦) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર સન ૨૦૧૭ દરમિયાન પ્રગટ થયેલ સર્વ પદ્ય અને ગદ્યમાંથી શ્રેષ્ઠ પદ્ય અને શ્રેષ્ઠ ગદ્યને અલગ અલગ **રમણિકલાલ મણીલાલ જોષી પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

આ શૈક્ષણિક પારિતોષિકો-શિષ્યવૃત્તિઓ માટે વિદ્યાર્થીભાઈ-બહેનોએ શૈક્ષણિક-વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭ની પરીક્ષાઓના પરિણામની પ્રમાણિત નકલ સંસ્થાના મુંબઇ કાર્યાલયમાં અથવા હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર.વ્યાસને તા.૩૦-૯-૨૦૧૭ સુધી મોકલવા વિનંતી છે.


અનીરૂધ્ધ વા. જપી **રસોઈ કામ માટે** M. (O) 9427803175

**જય અંબે કેટરર્સ**

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

**ઓફીસ : મેઈન બઝાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**

**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્‌ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર,**



શુભેચ્છા સહ...

**સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ**

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,

આગલોડ, ઉત્તર ગુજરાત

# ચોત્રીસમી પૂણ્યતિથી

**તા. ०९-०९-१९८३**

## સ્વ. કાન્તાબેન નાથાલાલ ભટ્ટ

**ઉત્તર ગુજરાત - આગલોડ**



With your blessing, I will shoulder the responsibility of being a Dadaji, Bapuji, Beta, Nephew & Bhai. I Feel your presence because I can see your soul around my Dada, In my Dada - Not a breath without your throughts. A miracle I await to have you arround me.
See a flicker in your eyes - be with us always.

❖ ❖ ❖

તમારા આશીષથી, દાદાજી, બાપાજી, બેટા, ભત્રીજા અને ભાઇના સ્વરૂપમાં હું જવાબદારી સંભાળીશ. તમારા સ્મરણ-વિચાર વિના મારા દાદા (પપ્પા) ની આસપાસ તમારા આત્માનો સદા સંગાથ હોય છે. મારી આસપાસ પણ તમારી ઉપસ્થિતિ રહે તેની પ્રાર્થના કરું છું. તમારી આંખોના પલકારા મને દેખાય છે જે સદા મારી સમક્ષ રહેશે

**દેવ દેવવ્રત ભટ્ટ અને પરિવાર**
**DEV DEVAVRAT BHATT & FAMILY**

## ગણેશદર્શન સન ૨૦૧૭



શ્રી જનક કિશોરભાઈ જોષી (દેરોલ)ના ઘરે ગણેશદર્શન



શ્રી રાકેશ નરેશભાઈ ઠાકર (પ્રેમપુર)ના ઘરે ગણેશદર્શન



શ્રી અમીત અશોકભાઈ ઘાડે (નાલાસોપારા) (પુજા મનીષ ર. જોષી, દાવડ)ના ઘરે ગણેશદર્શન



શ્રી સતીષ કાન્તીલાલ જોષી (આગલોડ)ના ઘરે ગણેશદર્શન



શ્રી નરેશભાઈ બચુભાઈ ઠાકર (રંગપુર)ના ઘરે ગણેશદર્શન

## વિનંતી

### ગણેશોત્સવ

મુંબઈમાં અને અન્ય સ્થળોએ સંવત ૨૦૭૩, ભાદરવા સુદ ૪, શુક્રવાર તા.૨૫-૮-૨૦૧૭ના રોજથી ગણેશોત્સવની શરૂઆત થઈ છે. પગથારનો આ અંક આપના હાથોમાં પહોંચશે ત્યારે આ ગણેશની પૂજા અને આરાધનાનો ગણેશોત્સવ હર્ષભેર ઉજવાઈ રહ્યો છે. આ આરાધના ઉત્સવનો ફોટો અને અહેવાલ પગથારના ઓકટોબર ૨૦૧૭ના અંકમાં પ્રગટ કરવા સંસ્થાના કાર્યાલયમાં અથવા Email : sarjan.pagthar@rediffmail.com ઉપર તા.૧૫-૯-૨૦૧૭ સુધીમાં મોકલવા વિનંતી છે.

### નવરાત્રી ઉત્સવ

તા.૨૧-૯-૨૦૧૭થી તા.૩૦-૯-૨૦૧૭ દરમીયાન આપણા નાના મોટા ગામોમાં અને મુંબઈમાં નવરાત્રી ઉત્સવ પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવાશે. આ ઉત્સવનો - પૂજા - સ્તવન - ગરબી વગેરેનો અહેવાલ અને ફોટો સંસ્થાના કાર્યાલયમાં અથવા Email : sarjan.pagthar@rediffmail.com ઉપર તા.૧૫-૧૦-૨૦૧૭ સુધીમાં મોકલવા વિનંતી છે તે અહેવાલો પગથારના નવેમ્બર ૨૦૧૭ માસના અંકમાં પ્રગટ કરાશે.

## શ્રી સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળ નવરાત્રિ ઉત્સવ

શ્રી સ.સા.ન. મંડળના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ ઉત્સવ યોજાઈ રહ્યો છે. ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી, મુંબઈમાં તા.૨૧-૯-૨૦૧૭ના રોજ આ ઉત્સવનો પ્રારંભ થશે. આ ઉત્સવ દરમિયાન મહાઆરતી તથા બાળકોની વેશભુષા હરિફાઈ અને આરતી સુશોભન હરિફાઈ પણ યોજાશે. દશેરા તા.૩૦-૯-૨૦૧૭ના રોજ નવરાત્ર ઉત્સવ સમાપ્ત થશે અને આવતા ૨૦૧૭ સંવત ૨૦૭૪ના વર્ષનું આમંત્રણ આપી માવડીને ભાવભરી વિદાય આપવામાં આવશે.

## શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ
### હિંમતનગરના સભાગૃહનું નામકરણ અને લોકાપર્ણ

શ્રી સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટ (મુંબઈ-હિંમતનગર)ના મણીશંકર ઠાકર ભવનના બીજા માળાના નવા સભાગૃહના નામકરણ અને લોકાપર્ણ સમારોહ તાજેતરમાં યોજાયો હતો. આ સમારોહ મણીશંકર ઠાકરભવન ના બીજા માળના સભાગૃહ, હિંમતનગરમાં તા.૨૦-૮-૧૭ના રોજ યોજાયો હતો. આ સભાગૃહના નામકરણ દાતા સુશ્રી ચંદ્રીકાબેન પુરૂષોત્તમદાસ પાધ્યા (જામળા) છે. આ સમારોહના અધ્યક્ષ શ્રી મયુરભાઈ પુરૂષોત્તમદાસ પાધ્યા તથા માનાર્હસ્વજન શ્રી પ્રફુલ્લભાઈ એચ. વ્યાસ (પ્રમુખ, સમસ્ત બ્રહ્મ સમાજ, હિંમતનગર) હતા. આ સહુ સમારોહના મોંઘેરા માનવંતા મહેમાનો હતા. આ સમારોહ દરમિયાન આ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆત સમાજટ્રસ્ટના મંત્રી શ્રી નૈનેશ જ. પંડયાએ આસુતોષ અને શક્તિ આરાધનાથી અને સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી સ્વ.પ્રદીપભાઈ મુ.ભટ્ટના સ્વર્ગવાસ માટે શ્રધ્ધાંજલી ભરી મૌન પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પછી દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ દીપપ્રાગટ્ય પ્રસંગે દાતા, મોંઘેરા મહેમાનો, સમાજટ્રસ્ટના કાર્યવાહકો અને શ્રી સર્જન યુવક સંઘના પ્રમુખ વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


સમારોહના મોંઘેરા મહેમાન શ્રી મયુરભાઈ પુરૂષોત્તમદાસ પાધ્યા તથા સુશ્રી ચંદ્રિકાબેન પુરૂષોત્તમદાસ પાધ્યા


સમારોહમાં મહેમાનો અને કાર્યવાહકો દ્વારા દીપપ્રાગટ્ય કરાયું હતુ


સમાજટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયક રા. પંડ્યા દાતા શ્રી મયુરભાઈ પુ. પાધ્યાનું સ્વાગત કરી રહ્યા છે.


મહિલા ઉત્કર્ષ મંડળ (હિંમતનગર)ના સંયોજક સુશ્રી પ્રિતિબેન હ.વ્યાસ દાતા સુશ્રી ચંદ્રીકાબેનનું સ્વાગત કરી રહ્યા છે.


મહિલા ઉત્કર્ષ મંડળ (હિંમતનગર)ના સંયોજક સુશ્રી પ્રિતિબેન હ.વ્યાસ દાતા સુશ્રી ચંદ્રીકાબેનનું સન્માન કરી રહ્યા છે.


શ્રી સર્જન યુવક સંઘના પ્રમુખ શ્રી અશોક ર. જોષી શ્રી સ.સા.ઔ.બ્ર. સમાજટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયક રા. પંડ્યાનું સ્વાગત સન્માન કરી રહ્યા છે.


સમાજ ટ્રસ્ટના બીજા માળના સભાગૃહના નવીનીકરણના દાતાઓએ નામકરણનું લોકાર્પણ કર્યુ હતું.


દાતા અને તેમના કુટુંબીજનો


સભામંચ ઉપર દાતાઓ અને કાર્યવાહકો


સમારોહમાં દાતા સુશ્રી ચંદ્રીકાબેન પુ. પાધ્યા પ્રવચન કરી રહ્યા છે.


સમારોહમાં દાતા શ્રી મયુરભાઈ પુ. પાધ્યા પ્રવચન કરી રહ્યા છે.


શ્રી સર્જન યુવક સંઘના પ્રમુખ શ્રી અશોક ર. જોષી સમારોહમાં પ્રવચન કરી રહ્યા છે.




સમાજટ્રસ્ટના પ્રમુખશ્રી વિનાયક રા.પંડ્યા પ્રવચન કરી રહ્યા છે.

સમાજટ્રસ્ટના મંત્રી શ્રી વિજયભાઈ લા. પંડ્યાએ સહુ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને મહેમાનોને શાલ, સ્મૃતિચિન્હ તથા ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ શ્રી મયુરભાઈ પુ. પાધ્યાનું સ્વાગત સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયકભાઈ રા. પંડ્યા, દાતાશ્રી સુશ્રી ચંદ્રીકાબેન પુ. પાધ્યાનું સ્વાગત મહિલા ઉત્કર્ષ મંડળના સંયોજક સુશ્રી પ્રિતિબેન હ. વ્યાસ, માનાર્હ સ્વજન શ્રી પ્રફુલભાઈ વ્યાસનું સ્વાગત કાર્યવાહક શ્રી કમલ ર. રાવલ તથા સહુ કાર્યવાહકોનું સ્વાગત વિવિધ કાર્યકરભાઈઓ દ્વારા કરાયું હતું.

સમારોહ દરમિયાન જાપાન યાત્રા માટે પ્રા. ડૉ. શ્રી મનીષ ર. રાવલ તથા સુંદર ગીતકાર શ્રી રૂપેશ વ. પંડ્યા તથા શ્રી અમર કા. વ્યાસ વિગેરેનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. સભાગૃહના પ્રવેશદ્વાર ઉપર તક્તીનું અનાવરણ પણ સમારોહ અધ્યક્ષ તથા દાતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાજટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયકભાઈ રા. પંડ્યા, માનાર્હ સ્વજન શ્રી પ્રફુલભાઈ વ્યાસ, સમાજટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મુ. ભટ્ટ, દાતાશ્રી ચંદ્રીકાબેન પુ. પાધ્યા, શ્રી મયુરભાઈ પુ. પાધ્યા, શ્રી અશોકભાઈ ર. જોષીએ પ્રાસંગિક પ્રવચન કર્યો હતો. શ્રી વિજયભાઈ અ. વ્યાસનો સંદેશ પણ શ્રી નૈનેશ જ. પંડ્યા દ્વારા

વાંચવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સમાજ ટ્રસ્ટના મંત્રી શ્રી નૈનેશ જ. પંડ્યા અને આભારદર્શન સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસે કર્યું હતું. સમારોહમાં શ્રી સર્જન યુવક સંઘના પ્રમુખ શ્રી અશોકભાઈ ર. જોષીનું સ્વાગત પણ કરાયું હતું.

સમાજટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મુ. ભટ્ટે આ સમારોહમાં કહ્યું હતું કે ''સમાજટ્રસ્ટના આદ્યસેવકોની મુલ્યવાન સેવાઓ, જ્ઞાનયજ્ઞ, કર્મયજ્ઞ અને દાનયજ્ઞ આજે પણ છે. સમાજટ્રસ્ટના પહેલા માળના લોકાર્પણ પછી સંસ્થાને નિયમિત આવક શરૂ થઈ છે અને એની સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ, શિક્ષણ સહાય, કન્યા કેળવણી, વિધવા સહાય અને સાંસ્કૃતિક કાર્યક્રમોને વેગ મળ્યો છે. આજના લોકાર્પણ પ્રસંગે દાતાઓએ મૂલ્યવાન દાન સંસ્થાને આપ્યું છે અને આ દાતાઓના પરિવારને અભિનંદન અને આભાર વ્યક્ત કરૂં છું.'' શ્રી સર્જન યુવક સંઘના પ્રમુખ શ્રી અશોકભાઈ ર. જોષીએ કહ્યું કે ''સુશ્રી ચંદ્રીકાબેન તથા શ્રી મયુરભાઈ પાધ્યાના મૂલ્યવાન દાનથી સમજણભર્યા સહયોગના બી તેમના દ્વારા ચાર-પાંચ મહિના પહેલા વવાયા. અને આ દરમિયાન સમાજ ટ્રસ્ટ અને સર્જન-પગથારના કાર્યવાહકો મળતા જ રહ્યા અને એ વવાયેલું બી આજે પાંગર્યું છે. આજનો પ્રસંગ આ બંને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ઉજવાય છે. સમાજ પરિવાર આપણા સહુ માટે મોટો છે અને સદા મોટો રહેશે. સન ૧૯૮૫ માં સમાજ ટ્રસ્ટના તે સમયના પ્રમુખ સ્વ. શ્રી ગજાનનભાઈ ર. પાઠક અને સર્જન-પગથારના શ્રી વિનાયકભાઈ મ. મહેતાએ સમજણભર્યો સહયોગ શરૂ કરાવ્યો હતો. આજે સમાજટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયકભાઇ રા. પંડ્યાના નેજા હેઠળ આ સમજણ ફરી પ્રગટાઈ અને સ્થાપી છે એનો સહુને વિશેષ આનંદ છે. આ સમજણનો સંદેશ આપણા સમગ્ર પરિવારમાં પહોંચાડવાનો છે અને એ માટે બંને સંસ્થાના કાર્યવાહકો કટીબદ્ધ છે. સર્જન યુવક સંઘ દ્વારા તાજેતરમાં જ વલસાડ-ધરમપુરના વનવાસી-આદિવાસી પરિવારના સુખ દુઃખમાં એમની સમક્ષ પહોંચી શક્યું છે. નોટબુકો, કરીયાણુ અને રોકડ તેઓમાં પહોંચાડી શકાયું છે. આ આયોજનમાં દાતાઓનો વિશેષ સહયોગ પણ પ્રાપ્ત થયો છે. આપણા સમાજ પરિવારના લગભગ પ્રત્યેક સારા-માઠા પ્રસંગે સર્જન-પગથાર પત્રથી, ફોનથી કે રૂબરૂમાં પહોંચી શક્યું છે અને તે અમારા માટે સરલ સહજ છે.'' શ્રી સર્જન-યુવક સંઘના કાર્યવાહક શ્રી વિજયભાઈ અ. વ્યાસે કહ્યું કે ''ઉપસ્થિત આદરણીય મહેમાનો તથા મંચસ્થ મહાનુભાવો આજના નામકરણ વિધિ પ્રસંગે - મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું. આજના ઉષ્માભર્યા વાતાવરણમાં હું નથી આવી શક્યો પણ શુભેચ્છા પાઠવું છું. આજનો પ્રસંગ આપણા માટે ખૂબ જ મહત્ત્વનો છે. આપણું મણિશંકર ઠાકર ભુવનના બીજા માળે હોલનું નાવિન્યકરણ અને નામકરણ માટે આપણાં સમાજને સુશ્રી ચંદ્રિકાબેન પુરુષોત્તમ પાધ્યા તરફથી માતબર રકમ પ્રાપ્ત થઈ છે. ઈશ્વર એમનો ભંડાર સદાય ભરેલો રાખે એ જ અભ્યર્થના.

આજે ઉપસ્થિત સર્વ સમાજ સંસ્થાનાં માનનીય ગણોને સુચિત કરવામાં આવે છે કે સર્જન અને સત્તાવીસ સાબરકાંઠા આપણા સમાજના સર્વજનો માટે કામ કરે છે. અહીં અન્યોન્ય સમજૂતિથી સમાજ ઉન્નતિનાં કાર્યો માટે સહકાર અને સમન્વયથી સમાજનું સશક્તિકરણ થશે. આવનાર ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવવાનો સંકલ્પ કરીએ. સર્જન યુવક સંઘે ૫૦ વર્ષ પૂરા કરી રહ્યું છે ત્યારે આ શુભાષિશથી આગળ વધીએ એવી સમાજ અને સર્જનનાં કાર્યકરોની હાર્દિક ઈચ્છા છે. હવે પછી સમાજ અને સર્જન એકબીજાની સામે નહીં પણ એક દિશામાં જોશે તો જ આવનાર પેઢીને આપણે એક સુંદર વ્યવસ્થા આપી શકીશું.

સમાજ કલ્યાણનાં દરેક કાર્યક્રમોની રૂપરેખા વર્ષનાં શરૂઆતમાં જ નક્કી કરવી અને એ પ્રમાણે બન્ને સંસ્થાનાં કાર્યકરોએ તન, મન, ધનથી કાર્યક્રમો સફળ બનાવવા પ્રયત્નો કરવા.

શ્રી સ. સા. ઔ. બ્ર. સમાજે આજથી ૧૦૦ વર્ષ પહેલા વિદ્યાર્થી ભવનની સ્થાપના કરી અને સમાજને પગભર થવા સુશિક્ષિત કર્યો. આપણાં વડવાઓ પુરોગામીઓને આ ઉત્તમ કાર્ય માટે સો સો સલામ... આજે અહીં ઉપસ્થિત સર્વજનોએ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે સમાજનાં વિદ્યાર્થી ભુવનનો લાભ લીધો છે અને સક્ષમ થયા છે. આપણી પવિત્ર ફરજ છે કે જે સમાજે આપણને પગભર કર્યા છે એના માટે આપણે તન - મન - ધનથી સેવા કરી કૃતાર્થ થવુ. અત્યારે સમાજનાં દરેક મંડળોનાં કાર્યકરોએ ભેગા થઈ આવનારી પેઢીને એક સશક્ત સમાજનો વહીવટ સોંપવો. જેથી આવનારી પેઢી એનું સુંદર રીતે સંચાલન કરી શકે.

''શ્રદ્ધા જ મારી લઈ ગઈ મને મંજીલ ઉપર,
રસ્તો ભૂલી ગયા તો દિશાઓ ફરી ગઈ.''

આપણો સમાજ બહુ નાનો છે. ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાનાં સંબંધો બંધાયા છે. સંસ્થા ચલાવવા માટે -

એક ટીપુ સમજણનું અને લાગણીનો ધોધ
કુંપળ કુંપળ મહોરી ઉઠ્યો સંબંધ નામનો છોડ.

સમાજ એટલે આપણા વડવાઓએ વાવેલું સંબંધોનું એક વટવૃક્ષ આવો આપણે સાથે મળી સહકાર અને સમન્વયથી વડીલોએ આપેલી વિરાસતને આગળ વધારીએ.

હસ્તેમુખ રસ્તામાં વેર્યા, ફુલ નસીબે ગુલાબ કેરા
નીચા વળીને વીણશુ ક્યારે, આજ આજ ભાઈ અત્યારે

હવેથી બસ અમે માની લીધુ છે કે સહકારથી જ કાર્યો કરવાના છે. જે શક્તિ હોય એકતામાં તે શંકામાં નથી હોતી.''

## શ્રી સ. સા. ઔ. બ્ર. સમાજટ્રસ્ટ
## વૃક્ષારોપણ ઉત્સવ

શ્રી સ. સા. ઔ. બ્ર. સમાજ ટ્રસ્ટ તરફથી તૃતીય વૃક્ષારોપણનો કાર્યક્રમ સતત ત્રીજા વર્ષે તા. ૧૯-૮-૨૦૧૭ ના રોજ યોજાયો હતો. ગુજરાત સરકારની ઘનીષ્ટ વનીકરણ ઝુંબેશ - સન ૨૦૧૭ યોજના અન્વયે આ ઉત્સવ ઉજવાયો હતો. ગૃહ ફાયનાન્સ લી. તરફથી પણ આ યોજનામાં વિશેષ સહયોગ સંસ્થાને પ્રાપ્ત થયો હતો.

આ ઉત્સવના આયોજનમાં શ્રી સર્જન યુવક સંઘ પણ સહયોગી રહ્યું હતું. આ વૃક્ષારોપણનો કાર્યક્રમ વિંધ્યવાસીની મંદિર દેરોલના પરિસરમાં યોજાયો હતો અને લગભગ ૧૦૦ વૃક્ષોનું આ પરિસરમાં વાવેતર કરાયું હતું. સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વિનાયકભાઈ રા. પંડ્યા, મંત્રી શ્રી વિજય લા. પંડ્યા, કાર્યવાહક ધર્મેન્દ્રભાઈ અ. વ્યાસ, શ્રી અમર વ્યાસ, સરપંચ શ્રી મનજીત ભગીરથ, શ્રી વિનોદભાઈ હી. જાની, શ્રી મુકેશ પટેલ, ચંદનસિંહ તથા હરહર મહાદેવ ગ્રુપ, શ્રી મનુભાઈ દરજી વિગેરે સંકળાયા હતા અને સહભાગી થયા હતા.






## ભજન સંધ્યા

શ્રી બી. યુ. ભટ્ટ દ્વારા પ્રતિવર્ષની જેમ પણ ભજનસંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો. આ ભજનસંધ્યા ગંગાબેન જપી સભાગૃહ, બોરીવલી, મુંબઈમાં તા. ૧૫-૮-૨૦૧૭ ના રોજ યોજાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન સુશ્રી હેમાબેન દ. ઠાકરે કર્યું હતું અને ઉપસ્થિત ભાઈ-બહેનોએ વિવિધ ભજનો રજૂ કર્યા હતા. ઉપસ્થિત સહુને ફરાળી પ્રસાદ ભોજન અપાયેલ હતું. સ્વ. મણીબેન કાન્તીલાલ જાનીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી ભોજન પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ ભજનસંધ્યામાં શ્રી વિજયભાઈ અ. વ્યાસે કહ્યું કે શ્રાવણમાસમાં ઈશ્વરમય થવા માટે શ્રી બી. યુ. ભટ્ટ આ ભજનસંધ્યાનો કાર્યક્રમ પ્રતિવર્ષ યોજી રહ્યા છે. ભજનો ગાવા-ગવડાવવાની આગોતરી નામ નોંધણી કરાય તો આ ભજનસંધ્યા વિશેષ શોભી ઉઠશે. આપણા ગાયક કલાકારોને એક ઉત્તમ મંચ થઈ પડશે. સમાજ ટ્રસ્ટ અને સર્જન-પગથારનો વિશેષ સહયોગ લઈ શકાય અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા કરાય તો તે વિશેષ શોભશે. આ ભજનસંધ્યા પ્રસંગે શ્રી બી. યુ. ભટ્ટ દ્વારા ભોજનથાળ રજૂ કરેલ હતો. તેઓ આ કાર્યક્રમના પ્રેરક આયોજક હતા. આ કાર્યક્રમમાં શ્રી સ. સા. ઔ. બ્ર. સમાજ ટ્રસ્ટનો સહયોગ શ્રી બી. યુ. ભટ્ટને સાંપડયો હતો.

## ગરબો

ગરબામાં તારલિયા ચમકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે

મારે તે ગરબે આશા પૂરી થાય
ગરબામાં અંબેમાં ઝળકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે

મારે તે ગરબે ચૂંદડીઓ ચડે
ગરબામાં બહુચરમાં ઝળકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે

મારે તે ગરબે કુળદેવી આવે
ગરબામાં આશા-પુરી ઝળકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે

મારે તે ગરબે બાળુડા રમે
ગરબામાં રાંદલમાં ઝળકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે

મારે તે ગરબે ભોજનીયા પીરસાય
ગરબામાં અન્નપૂર્ણા ઝળકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે

મારે તે ગરબે નર-નારી રમે
ગરબામાં નવદુર્ગા ઝળકે
માડી મારા ગરબામાં તારલિયા ચમકે...

**- દર્શના અભિ દવે**


સિંહ અને વાઘ ખુબજ શક્તિશાળી છે. પણ શિયાળ ક્યારેય સર્કસમાં કામ નથી કરતો (શાંતિથી વિચારજો)

# ગરુડ પુરાણ

મૃત્યુ બાદ શું થાય? મૃત્યુ બાદ જીવન છે? શું મૃત્યુ પીડાદાયક છે? પુનઃજન્મ કેવી રીતે થાય? મૃત્યુ પામ્યા બાદ જીવાત્મા ક્યાં જાય છે? આવાં પ્રશ્નો આપણા મનમાં આવે ત્યારે જ આવે, જ્યારે આપણા કોઈ સ્વજનનું મૃત્યુ થયું હોય. આવે સમયે આપણે વિચારીએ છીએ કે તે વ્યક્તિ સાથે આપણો સંબંધ પૂર્ણ થઈ ગયો? શું આપણે તે વ્યક્તિને ફરી કદી પણ નહીં મળી શકાય? આપણા આ બધા પ્રશ્નોનો ઉત્તર આપણા પ્રાચીન ગરુડ પુરાણમાંથી મળશે. ચાલો આજે આપણે સરળ રીતે સમજવાનો પ્રયત્ન કરીએ.

મૃત્યુ એક રસદાયી પ્રક્રિયા અથવા ઘટનાક્રમ છે. પૃથ્વી-ચક્રનું જોડાણ છુટવું. અંદાજે મૃત્યુના ૪ થી ૫ કલાક પૂર્વે, પગના તળીયા ઠંડા પડવાની શરૂઆત થઈ જાય છે. આ લક્ષણો એમ સૂચવે છે કે પૃથ્વી-ચક્ર જે પગના તળીયે આવેલ છે, તે શરીરથી છુટુ પડી રહ્યું છે. મૃત્યુના થોડા સમય પહેલાં પગનાં તળીયા ઠંડા પડી જાય છે. જ્યારે મૃત્યુનો સમય આવે છે ત્યારે એમ કહેવાય છે કે યમદૂત તે જીવનું માર્ગદર્શન કરવા માટે આવે છે.

જીવાદોરી (એસ્ટ્રલ કોર્ડ):- જીવાદોરી એટલે આત્મા અને શરીર સાથેનું જોડાણ. મૃત્યુનો સમય થતાં, યમદૂતના માર્ગદર્શનથી જીવાદોરી કપાય છે અને આત્માનું શરીર સાથેનું કનેક્શન કપાઈ જાય છે. આ પ્રક્રિયાને જ મૃત્યુ કહેવાય છે.

એક વાર જીવાદોરી કપાય એટલે આત્મા શરીરથી મુક્ત થઈ ગુરુત્વાકર્ષણથી વિરૂદ્ધ ઉપર તરફ ખેંચાણનો અનુભવ કરે છે. પરંતુ આત્મા જે શરીરમાં આખી જિંદગી રહ્યો હોય તે શરીરને છોડવા જલ્દી તૈયાર થતો નથી અને ફરીથી શરીરમાં પ્રવેશ કરવાની કોશિષ કરે છે. મૃતદેહની પાસે રહેલ વ્યક્તિ આ કોશિષનો અનુભવ કરી શકે છે. આપણે ઘણી વાર જોઈએ છીએ કે મૃત્યુ થયા પછી પણ મૃતકના ચહેરા અથવા હાથ પગ ઉપર સહેજ હલનચલન વર્તાય છે. તે આત્મા તુરંત સ્વીકાર નથી કરી શકતો કે તેનું મૃત્યુ થયું છે. તેને એમજ લાગે છે કે તે જીવંત છે.

પરંતુ જીવાદોરી કપાઈ જવાને લીધે તે આત્મા ઉપર તરફ ખેંચાણનો અનુભવ કરે છે. આ સમયે આત્માને ઘણા અવાજ સંભળાય છે. તે મૃતશરીરની આસપાસ, જેટલી વ્યક્તિ રહેલી હશે અને તે દરેક વ્યક્તિ તે સમયે જે કાંઈ વિચારતા હશે એ બધું જ તે આત્માને સંભળાય છે.

એ આત્મા પણ ત્યાં રહેલ વ્યક્તિઓ સાથે વાત કરવાની કોશિષ કરે છે, પરંતુ કોઈને સંભળાતું નથી. ધીરે ધીરે આત્માને સમજાય છે કે તેનું મૃત્યુ થયું છે. તે આત્મા શરીરથી ૧૦ થી ૧૨ ફૂટ ઉપર છત નજીક હવામાં તરતો રહે છે અને તેને આજુબાજુ શું ચાલી રહ્યું છે તે જોવાય તથા સંભળાય છે. સામાન્ય રીતે જ્યાં સુધી સ્મશાનમાં અગ્નિદાહ થાય ત્યાં સુધી આત્મા શરીરની આસપાસ જ રહે છે.

હવે પછી આ વાત ધ્યાનમાં રાખજો કે જ્યારે પણ તમે કોઈની સ્મશાન યાત્રામાં શામેલ થયા હો, તે મૃતકનો આત્મા પણ સહુની સાથે યાત્રા દરમિયાન સાથે હશે અને દરેક વ્યક્તિ તેની પાછળ શું બોલી રહ્યા છે તેનો એ આત્મા સાક્ષી બને છે.

જ્યારે સ્મશાનમાં તે આત્મા પોતાના શરીરને પંચમહાભૂતમાં વિલીન થતાં જોવે છે, ત્યારબાદ તેને મુક્ત થયાનો અહેસાસ થાય છે. આ ઉપરાંત તેને સમજાય છે કે માત્ર વિચાર કરવાથી જ તેને જ્યાં જવું હોય તે ત્યાં જઈ શકે છે. પહેલાં સાત દિવસ સુધી એ આત્મા તેની મનગમતી જગ્યાએ ફરે છે.

જો, એ આત્માને તેમના સંતાન પ્રત્યે લાગણી હશે તો તે સંતાનના રૂમમાં રહેશે... જો, એમનો જીવ રૂપિયામાં હશે તો તેના કબાટ નજીક રહેશે... સાત દિવસ પછી તે આત્મા તેના કુટુંબને વિદાય લઈ, પૃથ્વીની બહારના આવરણ તરફ પ્રયાણ કરે છે, જ્યાંથી તેને બીજા લોકમાં જવાનું છે.

આ મૃત્યુલોકમાંથી પરલોકમાં જવા માટે એક ટનલમાંથી પસાર થવું પડે છે. આજ કારણસર કહેવાય છે કે મૃત્યુ પછીના ૧૨ દિવસ અત્યંત કસોટીપૂર્ણ છે. મૃતકના સગાં સંબંધીઓ એ તેની પાછળ જે કાંઈ ૧૨ માં અથવા ૧૩ માં ની શાસ્ત્રોક્ત વિધિ, પીંડદાન તથા ક્ષમા-પ્રાર્થના કરવાની અત્યંત જરૂરી છે જેથી તે આત્મા, કોઈપણ વ્યક્તિ તરફી નકારાત્મક ઉર્જા, રાગ, દ્વેષ વગેરે પોતાની સાથે ન લઈ જાય.

તેમની પાછળ કરેલી દરેક વિધિ સકારાત્મક ઉર્જાથી થઈ હશે તો તેમની ઉર્ધ્વગતિમાં મદદરૂપ થશે. મૃત્યુલોકથી શરૂ થતી ટનલના અંતે દિવ્ય-તેજયુક્ત પરલોકનું પ્રવેશદ્વાર આવેલ છે.

પૂર્વજો સાથે મિલન :- જ્યારે ૧૧માં, ૧૨માંની વિધિ, હોમ-હવન, વિગેરે કરવામાં આવે છે ત્યારે તે આત્મા તેના પિત્રુઓને, સ્વર્ગવાસી મિત્રોને તથા સ્વર્ગસ્થ સગાઓને મળે છે. આપણે જેમ કોઈ વ્યક્તિને ઘણા સમય પછી મળ્યા હોય ત્યારે કેવી રીતે ગળે મળીએ તેવું જ અહીં મિલન થાય છે.

ત્યારબાદ જીવાત્માને તેના માર્ગદર્શન દ્વારા કર્મોના હિસાબ રાખતી સમિતિ પાસે લઈ જવામાં આવે છે. તેને ચિત્રગુપ્ત તરીકે ઓળખવામાં આવે છે.

મૃત્યુલોકના જીવનની સમીક્ષા :- અહીં કોઈ ન્યાયકર્તા કે કોઈ પણ ભગવાનની હાજરી નથી હોતી. જીવાત્મા પોતે જ તેજોમય વાતાવરણમાં પોતાના પૃથ્વી ઉપરના વિતેલા જીવનની સમીક્ષા કરે છે. જેમ કોઈ ફિલ્મ ચાલતી હોય એ રીતે જીવાત્મા પોતાની વિતેલી જિંદગી જોઈ શકે છે.

ગત્-જીવનમાં જે તે વ્યક્તિઓએ તેને જે કાંઈ તકલીફો આપી હતી તેનું વેર લેવા આ જીવાત્મા ઈચ્છી શકે છે. પોતે કરેલ ખરાબ કાર્યો માટે અપરાધભાવ પણ આ જીવ મહેસૂસ કરે છે અને તે બદ્દલ પશ્ચાતાપ રૂપે હવે પછીના જન્મમાં શિક્ષા ભોગવવાનું માગી શકે છે. અહીં પરલોકમાં આ જીવાત્મા

તેના શરીર તથા અહંકારથી મુક્ત છે. આજ કારણસર દેવલોકમાં સ્વીકારેલો ચુકાદો તેના આગલા જન્મનો આધાર બને છે. ગત જન્મમાં બનેલ દરેક ઘટનાઓના આધારે તે જીવ પોતાના થનારા નવા જન્મનો નકશો-કરાર (બ્લુ-પ્રીન્ટ) બનાવે છે.

આ કરારમાં જીવ પોતાના નવા જન્મમાં થનારી દરેક ઘટનાક્રમ, પ્રસંગો, આવનારી મુશ્કેલીઓ, વેરઝેર, બદલો, પડકાર, ભક્તિ, સાધના વગેરે નક્કી કરે છે. હકીકતમાં જીવ પોતે જ ઝીણામાં ઝીણી વિગતો જેવી કે ઉંમર, નવા જીવનમાં મળનારી દરેક વ્યક્તિ, અનેક પ્રસંગ દ્વારા થનારા સારા-નરસા અનુભવો, વગેરે... આ જીવાત્મા પહેલાંથી જ નક્કી કરે છે.

દાખલા તરીકે :- કોઈ જીવ જુએ છે કે પાછલા જન્મમાં તેણે પોતાના પાડોશીને માથામાં પથ્થર મારીને હત્યા કરી હતી. આ ઘટનાના પશ્ચાતાપરૂપે તે જીવ પોતાના આગલા જન્મમાં એટલી જ વેદના ભોગવવાનું નક્કી કરે છે. તેના ભાગરૂપે તે આખી જિંદગી માથાનો અસહ્ય દુઃખાવો સહન કરવાનું કરારબદ્ધ કરે છે કે જેની વેદનાને કોઈ દવાની પણ અસર ન થાય.

આગલા જીવનનો કરાર (બ્લુ-પ્રીન્ટ) :- દરેક જીવ તેના નવા જીવનનો જે કરાર કરે છે, તે તદ્દન પોતાના મૂળભૂત સ્વભાવને આધારિત જ હોય છે. જો જીવનો સ્વભાવ વેરઝેરયુક્ત હોય તો તેનામાં બદલાની ભાવના પ્રબળ હોય હશે. જેટલી તીવ્રતાની ભાવના હશે તે પ્રમાણે ભોગવવું પડશે.

આજ કારણસર દરેક વ્યક્તિને માફ કરવું જરૂરી છે અથવા આપણી ભૂલની માફી માંગવી જરૂરી છે, નહીં તો વેરભાવ ચૂકવવા માટે જન્મોજન્મની પીડા ભોગવવી પડશે.

એક વાર જીવ પોતાના આગામી જન્મના કરારની બ્લુ-પ્રીન્ટ નક્કી કરે છે, ત્યારબાદ વિશ્રાંતિનો સમય હોય છે. દરેક જીવની પોતાની ભોગવવાની તીવ્રતા પર આગલા જન્મ વચ્ચેનો વિશ્રાંતિ સમય નક્કી થાય છે.

પુનઃજન્મ :- દરેક જીવ પોતે નક્કી કરેલા કરાર પ્રમાણે, પોતે નક્કી કરેલ સમય બાદ પુનઃજન્મ લે છે. દરેક જીવને પોતાના માતા-પિતાને પસંદ કરવાનો અધિકાર પ્રાપ્ત છે. તે ઉપરાંત જીવને માતાના ગર્ભમાં કયા સમયે દાખલ થવું એનો અધિકાર પણ છે. જીવ અંડકોષના મિલન દરમ્યાન, ચોથા-પાંચમાં મહિને અથવા પ્રસૂતિના અંતિમ સમયે પણ ગર્ભમાં પ્રવેશ કરી શકે છે.

આ બ્રહ્માંડ પણ એટલું જ વિકસિત અને સંપૂર્ણ છે કે જો જીવની જન્મકુંડળીનું વિધાન કાઢવામાં આવે તો એ જીવાત્માએ જે પ્રમાણે જીવનનો કરાર કરીને જન્મ લીધો હોય તેની જ બ્લુ-પ્રીન્ટ નીકળશે.

દરેક જીવાત્માને જન્મના ૪૦ દિવસ સુધી પોતાનો પાછલો જન્મ યાદ રહે છે. ત્યારબાદ પાછલા જન્મની બધી સ્મૃતિ વિસરાઈ જાય છે અને જીવ એ રીતે વર્તન કરે છે કે જાણે તે અગાઉ અસ્તિત્વમાં જ ન હતો. દરેક જીવ, દેવલોકમાં જે કરારબદ્ધ થઈને અહીં મૃત્યુલોકમાં જન્મે છે તે કરાર જ ભૂલી જાય છે અને પોતાની વિષમ પરિસ્થિતિનો દોષ ગ્રહો તથા ભગવાનને દે છે.

આપણે સહુએ એક વાત સમજવા જેવી છે કે આપણે ભોગવી રહેલ દરેક પરિસ્થિતિ (સારી અથવા વિષમ), તેનું ચયન આપણે ખુદ જન્મ લીધા પહેલાં જ કરેલ છે. આ જીવનમાં રહેલી દરેક વ્યક્તિ, માતા, પિતા, સંબંધીઓ, જીવનસાથી, શત્રુઓ વિગેરેની પસંદગી પણ આપણે જ કરેલ છે.

આપણા જીવનની જીવનરૂપી ફિલ્મની વાર્તા લખનારા તથા પ્રોડ્યુસર અને ડાયરેક્ટર પણ આપણે સ્વયં છીએ.

એક વાત ધ્યાનમાં રાખો, આપણા જીવનમાં આવનારી દરેક વ્યક્તિ એ જ રોલ નિભાવે છે જે રોલ આપણે લખ્યો છે, તો પછી આપણે શું કામ કોઈ પણ વ્યક્તિ સામે ફરિયાદ કરવી જોઈએ ?

શું મૃત્યુ બાદ સ્વજનો પાછળ પ્રાર્થના તથા ક્રિયા કરવાની જરૂર છે ? મૃત્યુ બાદ આપણાં સ્વજનોને ગતિ પ્રાપ્ત થાય તે અત્યંત જરૂરી છે. ગતિ એટલે આત્માએ મૃત્યુલોકથી પરલોકમાં પ્રયાણ કરવું. જો ગતિ ન થાય તો જીવ પૃથ્વીલોકમાં જ અટકી જાય છે.

ઘણી વાર એવું પણ બને છે કે જીવની કોઈ ઈચ્છા બાકી રહી ગઈ હોય, જીવ અત્યંત દુઃખી થઈને નીકળ્યો હોય, અકસ્માતમાં કે ઈજાગ્રસ્ત અવસ્થામાં મોત થયું હોય, આપઘાત કર્યો હતો, કોઈ નજીકની વ્યક્તિમાં જીવ રહી ગયો હોય અથવા જીવાત્માની પાછળ અધકચરી અપૂર્ણ અંતિમ ક્રિયા થઈ હોય, અથવા આત્માને લાગે કે તેને હજુ થોડો સમય પૃથ્વીલોકમાં રહેવું છે... આવી પરિસ્થિતિમાં જીવ અહીં જ રહી જાય છે.

પરંતુ મૃત્યુ બાદ દરેક જીવાત્માએ ૧૨ દિવસમાં દેવલોક તરફ પ્રયાણ કરવાનું હોય છે, ત્યારબાદ તે પ્રવેશદ્વાર બંધ થઈ જાય છે અને તે આત્મા દેવલોકમાં પ્રવેશી શકતો નથી અને પૃથ્વી ઉપર પ્રેતયોનિમાં અધવચ્ચે રહી જાય છે. આમ તે આત્માને નથી દેવલોકમાં પ્રવેશ મળતો કે નથી ભોગવવા માટે શરીર મળી શકતું.

આજ કારણસર જનાર વ્યક્તિ પાછળ ક્રિયા-વિધિ, ક્ષમા-પ્રાર્થના અત્યંત જરૂરી છે કે જેથી સદ્‌ગત આત્માની ગતિ થાય.

અત્યારના સમયમાં નવી પેઢીને આ બધા રીતરિવાજો, માન્યતાઓ જૂનવાણી લાગે છે અને પોતાના સ્વજનો પાછળ ક્રિયા-વિધિ કરતાં નથી. આને લીધે ઘણાં જીવાત્માઓ અહીં પૃથ્વીલોકમાં અટકી ગયા છે અને તેઓની ગતિ થતી નથી.

દરેક પરિવારે તેમના સ્વજનોના સદ્‌ગત આત્માની ગતિ કરવા માટે કરવામાં આવતી ક્રિયા વિધિની ઉપેક્ષા કદી કરવી નહીં. જે પરિવારે તેમના સ્વજનો ગુમાવ્યા છે, તેમણે કદી દુઃખી થવું નહીં, આત્માનું કદી મૃત્યુ નથી થતું. સમય આવતાં આપણે સ્વજનોને મળવાનાં જ છીએ.

**- લેખ: ગરુડ પુરાણ પર આધારિત...**


ભૂખ તો...સંબંધોને પણ...લાગે છે ! ! બસ, લાગણીઓ...સ્વાદિષ્ટ હોવી જોઈએ.

## ઉપવનના પુષ્પ
### સ્વપ્નાને સફળતાની પાંખ

**શ્રી હાર્દિક કમલકુમાર રાવલ**



સુશ્રી મીના તથા શ્રી કમલ રમણલાલ રાવલ (પ્રેમપુર)ના સુપુત્ર **ચિ.હાર્દિક**એ C.E.P.T યુનીવર્સીટીની M.E (Sturcture) ની ડીગ્રી તાજેતરમાં પ્રાપ્ત કરેલ છે.

**નીસર્ગ સમીર ઠાકર**



સુશ્રી અર્ચના તથા સમીર કાન્તીલાલ ઠાકર (ઉમેદગઢ) ના સુપુત્ર તથા શ્રી પરિમલભાઈ ગણપતરામ જપી (સાચોદર)ના દોહીત્ર **ચિ.નીસર્ગ** ગુજરાત યુનીવર્સીટીની B.E. (Electronics & Communication) ની પરીક્ષા તાજેતરમાં CGPA ૮.૩૧ ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરેલ છે. ઉચ્ચ અભ્યાસ માટે નીસર્ગ અમેરીકા - શીકાગોની Illinois Institute of Technology માં માસ્ટર ડીગ્રી માટે પ્રવેશ મેળવ્યો છે અને તે ત્યાં પહોંચેલ છે. અથાગ પરિશ્રમ, સતત અભ્યાસ અને વડીલોના આશીષથી જ આ સીધ્ધી પ્રાપ્ત થઈ છે એમ નીસર્ગ માને છે.

**કુ.આયુશ્રી નીમીષ જોષી**



સુશ્રી મમતા તથા શ્રી નીમીષ કૃષ્ણકુમાર જોષી (ઈલોલ)ની સુપુત્રી **ચિ.આયુશ્રી**એ મુંબઈ યુનીવર્સીટી B.E (Electronics & Tele. Comm.) ની ડીગ્રી પરીક્ષા તાજેતરમાં First Class માં સફળતા પ્રાપ્ત કરી છે.

**પ્રા. ડૉ. શ્રી મનીષ રમણલાલ રાવલ**

**પ્રા.ડૉ.શ્રી મનીષ રમણલાલ રાવલ** (પ્રેમપુર)એ હમણાં તા.૧૬ થી ૧૮-૮-૨૦૧૭ દીવસનો ટોકીયો (જાપાન)માં Internetional Confrence માં Education & Learning વિષય ઉપર ભાગ લીધો હતો અને પેપર રજુ કરેલ. આ પેપર મનીષએ તેમના મિત્ર ડૉ.કે.એસ.ભટ્ટ સાથે Jointly રજુ કરેલ તેમનો વિષય Assessment & Accreditation of Higher Education in India હતો.

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઈ શકે ?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

**દેહોત્સર્ગ**

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !

પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.

'પગથાર' ની આ મરણનોંધમાં સ્વર્ગસ્થ સ્વજનના નામ સાથે સગપણ અને નામો પ્રગટ થાય છે. આવા નામો અને સગપણ 'પગથાર' ને ઈ-મેઈલથી તુરત જ જણાવવા વિનંતી છે જેથી શરતચૂક ન થાય. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિમાં લખાણ, ફોટો અને નામ પ્રગટ કરવાના હોય તેઓએ સ્વર્ગસ્થનો ફોટો, નામ અને લખાણની વિગતો જણાવવા વિનંતી છે. આવા એક આખા પાનાના સ્મૃતિદાનના રૂા. ૧૫૦૦/- શ્રી સર્જન યુવક સંઘને આપવાના થશે.

❒ **પ્રવિણચંદ્ર જમનાદાસ જુઠાણી** (માળીયા - હાટી, દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક, ઉ.વ.૭૮, સુશ્રી મંજુલાબેનના પતિ, સુશ્રી પ્રજ્ઞાબેન તથા શ્રી અનીરૂધ્ધભાઈ મહીધરલાલ જોષી (દાવડ)ની દીકરી સુશ્રી મમતા કેતન જુઠાણી તથા સુશ્રી પાયલ પરાગ જુઠાણીના સસરા, કમલ, કેતન, પરાગ, કેવલ, નીના અશોક શાહ, વર્ષા મનીષ લાઠીયા, નીશા સંજય શાહ અને ગ્રીષ્માના પિતા)નો મુંબઈમાં તા.૫-૮-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❒ **અશ્વિની (નીકીતા) નીતીશ રાવલ** (વડવાસા, દહેગામ શ્રી નીતીશ કનૈયાલાલ રાવલની પત્ની, સુશ્રી નયનાબેન તથા સ્વ.વિષ્ણુપ્રસાદ બળદેવરામ ઠાકર (દાવડ)ની દીકરી)નો વડવાસામાં તા.૧૦-૮-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❒ **મુરલીધર નરોત્તમદાસ ઠાકર** (બેરણા, ઉ.વ.૮૨, સુશ્રી ચંદ્રીકાબેનના પતિ, અજીત, કિરણ તથા સુશ્રી ચેતના ભરત પંડયા (અબડાસણ)ના પિતા, સ્વ.મણીબેન તથા સ્વ.હરગોવિંદદાસ ત્રીભોવનદાસ ઉપાધ્યાય (બેરણા) ના જમાઈ)નો નડીયાદમાં તા.૧૩-૮-૨૦૧૭ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**શ્રી સ.સા.ઓ.બ્ર.સમાજ ટ્રસ્ટ** તથા **શ્રી સર્જન યુવક સંઘ -પગથાર** સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને એમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.


With Best Compliments From :



ARYANIVAS

RESIDENTAL HOTEL

KALBADEVI ROAD, MUMBAI - 400 002.

PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.

## સ્વ.પ્રદીપભાઈ મુળશંકર ભટ્ટ
## ।। શોક સભા ।।

તા.૩૦-૮-૨૦૧૭ના રોજ, આગલોડ, તા.વિજાપુર ખાતે રામજી મંદિરમાં સ્વ.પ્રદિપભાઈ મુળશંકર ભટ્ટ (આગલોડ)ના સ્મરણાર્થે શોકસભા રાખવામાં આવેલ હતી. જેમાં શ્રી નટવરલાલ નર્મદાશંકર જોષી, શ્રી ભરતભાઈ નાયી, શ્રી અજીતભાઈ જોષી, શ્રી મનુભાઈ ગી. જોષી. આગલોડ સરપંચ શ્રી તથા પહાડીયા ઠાકોર સાહેબ શ્રી તથા આગલોડ ગામ તથા સાબરનગરના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ દુઃખની લાગણી વ્યક્ત કરતાં જણાવેલ કે સ્વ. પ્રદીપકુમાર મુળશંકર ભટ્ટ, રામજી મંદિર, નવરાત્ર મહોત્સવ મંડળમાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપેલ છે. તેમની ખોટ પુરાય તેમ નથી તેમ જણાવેલ સ્વ.પ્રદીપભાઈ ભટ્ટે આગલોડ ગ્રામ પંચાયતમાં ડે.સરપંચ તરીકેની પણ સેવાઓ આપેલ હતી. અંતમાં શ્રી પંકજભાઈ મુળશંકર ભટ્ટ ગ્રામજનોનો આભાર માન્યો હતો.

## શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ

નયન સુર્યાનંદ લોક પ્રતિષ્ઠાન તથા જોષી અને પંડયા પરિવાર દ્વારા તાજેતરમાં મુંબઈમાં શિવમહાપુરાણ જ્ઞાનયજ્ઞ યોજાયો હતો. આ જ્ઞાનયજ્ઞ તા.૨૯-૭-૨૦૧૭ થી તા.૬-૮-૨૦૧૭ દરમિયાન યોજાયો હતો અને તેમાં આંતરરાષ્ટ્રીય કથાકાર ભાગવતાચાર્ય પૂ.શ્રી દિનેશભાઈ પંડયા (કાંદીવલી વાળા) એ પોતાની આગવી સચોટ અને મૌલિક શૈલીમાં કથાનું દિવ્ય રસપાન કરાવ્યુ હતું. આ કથાનું આયોજનમાં શ્રી સુર્યકાન્ત પ્ર. પંડયા તથા શ્રી મહેશભાઈ મ. જોષી તરફથી આ આયોજનમાં વિશેષ સંચાલન હતું અને માર્ગદર્શન અપાયુ હતું.

## હાથની રેખા

હાથની રેખાથી હું કદી નથી ઉલઝાયો
જાણું છું કે નસીબનું લખ્યું પણ બદલાય છે.
કિનારે બેસી નાવની રાહ જોતા નથી આવડતું
હિંમત કદી નથી હાર્યો કારણ કે તરતા આવડે છે.
ફૂલની સુગંધથી હું કદી ટેવાયેલો નથી
કારણ ફૂલો પણ એક દી કરમાય છે.
હૃદય કોઈને એમ આપી દેતો નથી
કેમ કે કિંમત શું છે એ મને સમજાય છે.
મરવાના વાકે હું કદી નથી જીવતો
કારણ જીવતા મને આવડે છે.

**- જયકાન્ત મ. જોષી**

## સંગિની, મારી આગળ ના થાજે

ના તું આગળ, ના હું પાછળ
સાવ અડોઅડ, સહજ લગોલગ
પગલાં ધીમાં સાથે જ પાડજે
ઓ સંગિની, મારી આગળ ના થાજે
ના તું એકલી, ના હું અટુલો
સહજીવનને વિત્યો જનમારો
અંતિમ પડાવે અંચઈ ના કરજે
ઓ સંગિની, મારી આગળ ના થાજે
ક્યારેક રિસાયાં, બહુધા મનાવાયાં
કાળ-થપાટે મૂંગાં મૂગાં હિબકાયાં
એ સાથની સુગંધ અકબંધ રાખજે
ઓ સંગિની, મારી આગળ ના થાજે
સહિયારા દાંપત્યની ધૂપ-છાંયમાં
ક્યારેક પમરાયાં, ક્યારેક મુરઝાયાં
મંગળ-મંદિરના નિશ્ચત પંથે
ઓ સંગિની, મારી આગળ ના થાજે.

**- પ્રવીણચંદ્ર જી. જોશી**

## દિવાળીના તહેવાર

| તહેવાર | તારીખ | વાર |
|---|---|---|
| નવરાત્રી પ્રારંભ | ૨૧-૯-૨૦૧૭ | ગુરૂવાર |
| દુર્ગાષ્ટમી | ૨૮-૯-૨૦૧૭ | ગુરૂવાર |
| વિજયા દશમી | ૩૦-૯-૨૦૧૭ | શનિવાર |
| શરદપૂર્ણિમા | ૫-૧૦-૨૦૧૭ | ગુરૂવાર |
| ચંદી, પડવો | ૬-૧૦-૨૦૧૭ | શુક્રવાર |
| રમા એકાદશી | ૧૫-૧૦-૨૦૧૭ | રવિવાર |
| વાઘ બારસ | ૧૬-૧૦-૨૦૧૭ | સોમવાર |
| ધનતેરસ | ૧૭-૧૦-૨૦૧૭ | મંગળવાર |
| કાળી ચૌદશ | ૧૮-૧૦-૨૦૧૭ | બુધવાર |
| દિવાળી | ૧૯-૧૦-૨૦૧૭ | ગુરૂવાર |
| નૂતનવર્ષ પ્રારંભ-૨૦૭૪ | ૨૦-૧૦-૨૦૧૭ | શુક્રવાર |
| ભાઈબીજ | ૨૧-૧૦-૨૦૧૭ | શનિવાર |
| લાભપાંચમ | ૨૫-૧૦-૨૦૧૭ | બુધવાર |
| જલારામ જયંતિ | ૨૭-૧૦-૨૦૧૭ | શુક્રવાર |
| દેવઊઠી અગિયારસ | ૩૧-૧૦-૨૦૧૭ | મંગળવાર |
| દેવ દિવાળી | ૪-૧૧-૨૦૧૭ | શનિવાર |

**દિપાવલીની હાર્દિક શુભકામનાઓ સહ નૂતન વર્ષાભિનંદન**


**ભરત પટેલ**
M (O) 09586826814

**દેવાંગ પંડ્યા**
M (O) 9879034149

# જે.કે.એન્ટરપ્રાઈઝ

ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા

મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
Email : dev_pandya1989@yahoo.com




સાચા મિત્રોના ક્યાંય સેલ ના ભરાય.

## સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ
## બ્રહ્મ ગૌરવ એવોર્ડ - ૨૦૧૭

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા) સંસ્થા દ્વારા રવિવાર તા. ૨૦-૮-૨૦૧૭ ના રોજ શ્રી ચૈતન્ય શંભુમહારાજ (કા. પ્રમુખ) અને શ્રી યજ્ઞેશભાઈ દવે (મહામંત્રી) દ્વારા અને બ્રહ્મગણી જગત શુક્લ, યુવાપ્રમુખ હેમાંગ રાવલ સહિત અને બ્રહ્મ મહાનુભાવોની હાજરીમાં બ્રહ્મ ગૌરવ એવોર્ડ - ૨૦૧૭ સમારંભનું અમદાવાદના પંડિત દિનદયાળ ઓડિટોરિયમ, એસ.જી.હાઈવે ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યમાં વસતા વિવિધ ક્ષેત્રના તમામ ભૂદેવોને ૨૦ કેટેગરીમાં લગભગ ૬૫૦ ઉપરાંત ભૂદેવોના નોમિનેશન હતા. ૬૫૦ થી વધુને ખાસ એવોર્ડમાં મેડલ અને પ્રશસ્તિપત્રક તેમજ ૬૦ ભુદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારંભમાં જાણીતા ગુજરાતી ફિલ્મ કલાકાર મનોજ જોષી, જાણીતી ગાયિકા કિંજલ દવે તેમજ બીજા અન્ય બ્રહ્મજનો ઉપસ્થિત રહ્યા હતા.




આ પ્રસંગે બોરીવલી નિવાસી અને સમાજના સન્માન્નિત વિભૂતિરૂપ તેમજ સમસ્ત બ્રાહ્મણ મહાસંઘના ઉપપ્રમુખ, સનાતન બ્રહ્મનાદ માસિક સામાયિકના તંત્રી, શ્રી સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રહ્મોદય સમાજટ્રસ્ટના પૂર્વ માનદ્ મંત્રી, શ્રી સર્જન યુવક સંઘના માનદ્ મંત્રી, બ્રાહ્મણ સેવા સમાજના સક્રિય કાર્યકર તેમજ બીજી અનેક સંસ્થાઓ સાથે પ્રત્યેક કે પરોક્ષ સંકળાયેલા એવા શ્રી જયકાંતભાઈ મ. જોષીની જ્ઞાતિસેવા અને સમાજસેવાના ફળ સ્વરૂપે નોમિનેટ કરવામાં આવ્યા હતા. આ સમારંભમાં તેઓને મેડલ અને સન્માનપત્ર આપી સન્માન્નિત કરવામાં આવ્યા હતા. વંદે માતરમ્ વિકાસ મંચના મહારાષ્ટ્ર રાજ્યના ગુજરાત સમાજ મેન સેલના પ્રમુખ તરીકે પણ શ્રી જયકાંત મ. જોષી સેવા આપી રહ્યા છે.

## પ્રાર્થના

પ્રાર્થના એટલે શુ ? પ્રાર્થના એટલે પલાઠી વાળીને બેસી જવું માત્ર નથી. પ્રાર્થના એટલે હંમેશા હકારાત્મક વિચારવું અને સહુ કોઈનું હંમેશા હિત ઈચ્છવું છે. પ્રાર્થના એટલે તમે કોઈ મિત્રને તેના મુશ્કેલ સમયમાં પ્રેમથી ભેટી તેની પડખે ઉભા રહેવું એ છે. પ્રાર્થના એટલે કાળજાળ ગરમીમાં રસોડામાં ઉભા રહી કુટુંબના અને મિત્રો માટે રસોઈ બનાવવી...એ છે. પ્રાર્થના એટલે આપણે જ્યારે કોઈને આવજો કહીએ... ત્યારે આપણા મનની ભાવના...તમને ઈશ્વર સલામત રાખે અને તમારી યાત્રા શુભ રહેની ભાવના. પ્રાર્થના એટલે તમે જ્યારે કોઈને મદદરૂપ થવા જે સમય અને શક્તિ આપો છો તે છે. પ્રાર્થના એટલે તમે જ્યારે કોઈને દિલથી માફ કરી...તેની ભૂલને ભૂલી જાઓ તે છે. પ્રાર્થના એટલે એક અનુભૂતિ, લાગણી અને એક પ્રેમભર્યો અવાજ છે. જે હંમેશા શાંતિનું જ વહન કરે છે. પ્રાર્થના એટલે સુંદર કૌટુંબિક સંબંધો, મિત્રતા અને દરેક વ્યવહારમાં સહૃદયતા છે. શું તમે આમાની કોઈ પણ પ્રાર્થના કરો છો ? ? જો જવાબ 'હા' હોય... તો તમારે કોઈપણ ધાર્મિક સ્થળોએ જવાની જરૂર નથી.

## ઔદિચ્ય બ્રાહ્મણ

''બ્રાહ્મણ ઈતિહાસ શ્રેણી'' અંતર્ગત આજે ''ઔદિચ્ય બ્રાહ્મણ'' વિષે લખી રહ્યો છું. આશા છે આપને માહિતી ઉપયોગી નીવડશે...

ઔદિચ્ય બ્રાહ્મણ : ઈ.સ. ૯૬૦ના દાયકા દરમિયાન પાટણના રાજવી મૂળરાજ સોલંકી દ્વારા ઉત્તર ભારતના જુદા-જુદા પ્રાંતોમાંથી વિદ્વાન બ્રાહ્મણોને રુદ્ર યજ્ઞ માટે બોલાવવામાં આવ્યા. સંસ્કૃત ભાષામાં ઉત્તરને ઔદિચ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. આમ ઉત્તર ભારતના આ વિદ્વાન બ્રાહ્મણોને ઔદિચ્ય બ્રાહ્મણ તરીકે આજે પણ ઓળખવામાં આવે છે. હાલમાં ઔદિચ (ઔદિચ્ય) બ્રાહ્મણોની ઘણી પેટા શાખાઓ મળે છે જે મુખ્યત્વે

બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, મહેસાણા, ખેડા, ભરુચ, સુરેન્દ્રનગર, ભાવનગર, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં વસવાટ કરે છે.

આમ મૂળરાજ સોલંકી દ્વારા ઉત્તર ભારતના જુદા-જુદા પ્રાંતોમાંથી ઉપર મુજબ કુલ ૧૦૩૭ વિદ્વાન બ્રાહ્મણોના પરીવારોને બોલાવવામાં આવ્યા હતાં. યજ્ઞ બાદ ૧૦૦૦ બ્રાહ્મણોએ મૂળરાજ સોલંકી દ્વારા અપાતી દક્ષીણાનો સ્વીકાર કર્યો અને તેઓ ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણો તરીકે ઓળખાયા. બાકીના ૩૭ બ્રાહ્મણોને તેમના જ્ઞાન મુજબ અલગ-અલગ જુથમાં વિભાજીત કરવામાં આવ્યા. આમ સહસ્ત્ર બ્રાહ્મણોએ ગુજરાતમાં રહેવા સ્વિકાર્યુ અને અન્ય બ્રાહ્મણોએ થોડા સમય બાદ અમુક શરતો મૂકી ને ગુજરાતમાં રહેવા સ્વીકાર્યું. આમ તેઓ ટોળકીયા તરીકે સંબોધન પામ્યા. આમ છતાં સહસ્ત્ર બ્રાહ્મણોનું વર્ચસ્વ તેમની કરતા વધું જોવા મળતું. સહસ્ત્ર બ્રાહ્મણોના બે જુથો જોવા મળે છે જે ભૌગોલિક રીતે વિભાજીત થયેલા છે. સિહોરના અને સિદ્ધપુરમાં વસતા ૧૮૯૧માં ગુજરાતમાં તેમની વસ્તી આશરે ૨,૦૦,૦૦૦ (બે લાખ) જેટલી હતી. ઘણાં ઔદિચ્ય બ્રાહ્મણો કાળક્રમે રાજસ્થાનમાં જઈ વસ્યા અને હાલમાં પણ ત્યાં ઔદિચ્ય બ્રાહ્મણોની ઘણી વસ્તી જોવા મળે છે. ઉપરાંત સિદ્ધપુરના ઘણાં કુટુંબો ૧૭મી સદીમાં મધ્યપ્રદેશના વડનગર, ઈન્દોર, ઉજ્જૈન ક્ષેત્રમાં જઈ વસ્યા.

ગોત્ર અને અટક : ઔદિચ્ય બ્રાહ્મણો ઘણા ગોત્રના જોવા મળે છે. તેમાં ખાસ કરી વત્સત્, ભાર્ગવ, દલભ્ય, દ્રોણ, મૌનસ, ગંગયન, સંક્તૃત્ય, સંકૃત્ય, પાનલત્સ્ય, માંડક્ય, શૌનક, ભારદ્વાજ, કૌદિન્ય, કૃષ્ણાત્રિ, સ્વેતરિ, ગૌતમ, કુતસ્થ, અંગિરસ, વસિષ્ઠ, પરાશર, કશ્યપ, શાંડિલ્ય, ગભિલ, ઉદલક, ઔદલસ, ગર્ગ, કૌશિક, હિરણ્યગર્ભ વગેરે વિશેષતઃ જોવા મળે છે. પહેલાનાં વખતમાં ૧૬ જેટલી અટકો જોવા મળતી પરંતુ હાલમાં, ઔદિચ્ય બ્રાહ્મણોમાં આશરે સાઠ (૬૦) જુદી-જુદી અટકો હોય છે. અટકો મોટા ભાગે તેમની આવડત અને વ્યવસાયને લગતી હોય છે. સર્વ સામાન્ય અટકોમાં દવે, પંડયા, ઠાકર, ઉપાધ્યાય, ત્રિવેદી, પંચોળી, જાની, પંડિત, પાઠક, આચાર્ય, રાવલ, જોશી, મહેતા, ભટ્ટ વગેરે. બ્રાહ્મણોને વેદ ભણાવવાનું કામ આચાર્યો કરતા. વળી આવી જ રીતે ઉપાધ્યાય, ઓઝા, પાઠક પણ વેદ ભણાવતા. રાજસેવામાં રત બ્રાહ્મણો પુરોહિત અને પાંચાલ દેશમાં રહેવાવાળા બ્રાહ્મણો પંચોળી અને જ્યોતિશ વિદ્યાનું જ્ઞાન ધરાવતા બ્રાહ્મણો જોશી તરીકે ઓળખવામાં આવે છે. વળી ગામનો કારભાર કરનાર ઠાકર અને ચાર વેદોનું જ્ઞાન ધરાવનાર ચતુર્વેદી કે વ્યાસ. ત્રણ વેદનું જ્ઞાન ધરાવતા ત્રિવેદી કે ત્રિપાઠી, બે વેદનું જ્ઞાન ધરાવતા દ્વિવેદી કે દવે, યજ્ઞ કરાવવામાં પારંગત યાજ્ઞીક અને હિસાબી તથા નાણાકીય સેવામાં રોકાયેલા બ્રાહ્મણો મહેતા તરીકે પ્રસિદ્ધી પામ્યા.

ગોત્ર એટલે શું ? દરેક બ્રાહ્મણોની સાથે આટલી બાબત જોડાયેલી હોવી જોઈએ, અટક, ગોત્ર, પ્રવર, વેદ, શાખા, કુળદેવી, ગણપતિ, યક્ષ, શિવભૈરવ અને શર્મ આમાથી ''ગોત્ર'' એટલે શું ? પ્રાચીન સમયમાં તમામ ઋષિઓ ગાયોને પાળતા, પોષતા દરેક ઋષિઓ પોતપોતાની ગાયોના સમૂહને એક જગ્યામાં સુરિક્ષત રાખે તે જગ્યાને આપણે ''વાડો'' કહીએ છીએ. ત્યારે તેને ''ગોત્ર'' કહેવાતુ ગાયઃત્રાયન્તે યત્ર ઈતિ ગોત્રમાં જ્યાં ગાયો રક્ષણ પામતી તે જગ્યા એટલે ''ગોત્ર'' આમ જેતે ઋષિના નામ પરથી તે ''વાડા''થી ઓળખાતા તેથી એકજ જગ્યાએ ગાયોનો સમુહ એક ઋષિના ''વાડા''માં ''ગોષ્ઠ''માં બંધાતી ગાયોને એક ''ગોત્ર''ના આધારે આગળ જતાં જેતે ઋષિના વંશજો પણ તે ગોત્રથી ઓળખાવા લાગ્યા જેમકે વશિષ્ઠ ઋષિના વશિષ્ઠ ''ગોત્ર''ના કહેવાયા.

વત્સત ગોત્ર : ગોત્ર - વત્સત પ્રવર - વત્સ, ચ્યવન, આપ્નુવાન, ઔરવ, જમદગ્નિ. પ્રવસંખ્યા - ૫. વેદ - શુક્લયજુર્વેદ. શાખા - માધ્યન્દિની. શિવ - શિવશંકર, ગણપતિ - સન્મુખ. કુળદેવી - તપ્તેશ્વરી. ભૈરવ - ભીષણ. શર્મ - દત્ત.

આહાર : સંપૂર્ણ શાકાહારી હોવાની સાથે સાથે ઔદિચ્ય બ્રાહ્મણોનો મુખ્ય ખોરાક ચોખા, ઘઉં, બાજરો અને જુવાર તેમના રોજીંદા ખોરાક છે. વળી તુવેર તેમને સઃવિશેષ પસંદ પડે છે. તેઓ સ્વાભાવિક રીતે જ વ્યસનોથી દૂર રહે છે.

વિવાહ : સામાન્યતઃ ઔદિચ્ય બ્રાહ્મણોમાં વિવાહ સંસ્કારની ઉંમર સ્ત્રીઓ માટે ૧૮થી ૨૫ વરસ અને પુરુષો માટે ૨૧ થી ૨૮ વર્ષ જોવા મળે છે. આર્ય પરંપરા મુજબ. સગોત્રીય તથા બહુપત્નીત્વ પ્રથા લગ્ન માટે વર્જીત ગણવામાં આવે છે. જૂના સમયમાં વિધવા વિવાહ પણ વર્જીત ગણવામાં આવતો.

 બસ દિલ જીતવાનો જ હેતુ રાખજો. કારણકે...દુનિયા જીતીને પણ સિકંદર ખાલી હાથે જ ગયો. 

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month
PAGHTAR (16)
September - 2017
R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2017-19

## 'શુભલાભ' પર એક દ્રષ્ટિ

શ્રી અનંતભાઈ કાંતિલાલ જાનીની કલમથી 'શુભલાભ' કમળની સુગંધ વિખેરતું પુસ્તક છે. ઉપનિષદોના દર્શનને હળવું બનાવી, વેદપુરાણના સાગરને ગાગરમાં પરોવી દેવાનો આ સુંદર ઉપક્રમ છે. દરેક લેખમાં ભારતીય સંસ્કૃતિનું સુબોધ ભાષામાં દિગ્દર્શન છે. ઘણાને લાગે છે કે એ બ્રાહ્મણો માટે લખાયેલું છે. પરંતુ એમ માનીને લેખોમાં વ્યક્ત ચિંતન મનનને સીમિત ન કરી શકાય. દાખલા તરીકે 'પિતૃદેવો ભવઃ' લેખમાં મુગલ બાદશાહ બાબરના દ્રષ્ટાંત વડે લેખકે હુમાયુ પર તેના સ્વાભાવિક નિચ્છલ સ્નેહનું ચિત્રણ કર્યું છે.

જીવનમાં ગુરૂનું શું સ્થાન અને માન છે, શાસ્ત્રોમાં ગુરૂ મહિમા કેવી રીતે રજુઆત પામી છે, એ બાબત લેખકે સરસ રીતે અને સચોટ સમજાવી છે. ૬૧ લેખોની આ પુષ્પમાળામાં સદ્‌ગુરૂદેવ વિશે ૬ લેખો છે. 'સંયમ અને સમર્પણ' લેખમાં જીવનમાં સત્ય, સ્નેહ, સેવા, સમર્પણ અને સંયમના મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. મહર્ષિ દધીચિના પુત્ર પિલ્લાદના દ્રષ્ટાંતને લઈ આ માનવીય ગુણોનું જ્ઞાન અને બહુમાન કરવામાં આવ્યું છે. મહર્ષિ વેદ વ્યાસનો ઉલ્લેખ અનેક જગ્યાએ હોવા છતાં એમના પ્રદાન વિષે જાણવું ગમે છે. મનુષ્ય માત્ર માટે આ મહર્ષિએ એટલું બધું જ્ઞાન રેલાવ્યું છે કે આ સમજવા-માણવા અને અનુભવવા આ ભવ ઓછો પડે.

પર્વ, તહેવાર અને વૃતને કારણે આપણા જીવનમાં કેટલી સાર્થકતા અને પાવિત્ર્યનો સંચાર થાય છે, એનું નિરૂપણ પણ પુસ્તકમાં અનેક સ્થાને થયું છે. હોળી અને દિવાળી જેવા અવસરો બાહ્ય ઉલ્લાસ સુધી સીમિત નથી. આત્માના ઉદ્ધારને પણ એને લાગે વળગે છે. ખરૂં. એ ઉજવણીની પૃષ્ટભૂમિમાં લેખકનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ પણ ઉપસી આવે છે. કોઈ પણ અનુષ્ઠાન હસી કાઢવા માટે નથી. અનુષ્ઠાનોને લગતા લેખ વાંચ્યા પછી વાચકને એમના પ્રત્યે સ્વાભાવિક આદર અને અહોભાવ ઉત્પન્ન થઈ જાય છે.

વચ્ચે વચ્ચે સ્વરચિત કાવ્યો પણ ટાંકવામાં આવ્યા છે. અનંતભાઈની સાહિત્યિક અભિરૂચિ તથા ક્ષમતાનો જેને પરિચય નહીં હોય એને એ વાંચી સુખદ આશ્ચર્ય થશે.

**હિંમતલાલ કાંતિલાલ જોષી**

## પ્રેરણાસ્ત્રોત

એક સ્ત્રીને સપનું આવ્યું. સપનામાં એને ઈશ્વર દેખાયા. ઈશ્વરની આજુબાજુમાં દેવગણનો દરબાર ભરાયો હતો. બાજુમાં જોયું તો મોટો ડિપાર્ટમેન્ટલ સ્ટોર હતો. એક સ્ટોર પર પાટિયું હતું. રિદ્ધિ, એની બાજુમાં સિદ્ધિ, એની બાજુમાં સમૃદ્ધિ અને તે પછી સ્ટોર હતો પ્રસિદ્ધિ. પ્રસિદ્ધિ પછી સુખનું અને તે પછી શાંતિનું પાટિયું હતું. એ બહેન તો આ વાંચીને પહોંચી ગયા ઈશ્વર પાસે અને કહ્યું કે મને એકાદ વસ્તુ નથી જોઈતી, મને તો જેટલાં પાટિયાં છે તે તમામની જરૂરત છે. ઈશ્વરે કહ્યું કે એ કઈ મોટી વાત છે, તું માગે ને હું ના પાડું ? બહેન તો રાજીના રેડ થઈ ગયા.ઈશ્વરે કહ્યું કે બહેન, અમે અહીં ફક્ત બીજ વેચીએ છીએ, ફળ નથી વેચતા. ફળ પામવા માટે તો તમારે કર્મ કરવું પડે

**અને છેલ્લે...**

મારી પાસે એવા માણસને નફરત કરવાનો ટાઈમ નથી કે જે મને નફરત કરે છે.... કેમ કે, હું એવા લોકોમાં વ્યસ્ત છું જે લોકો મને પ્રેમ કરે છે.

If undelivered return to:
**PAGTHAR**
Gujarati - Monthly
**SHRI SARJAN YUVAK SANGH**
6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay Amratlal Vyas.

 આપણે જેમને સહુથી વધુ ચાહીએ તેમનામાં જ આપણને વધુ દુઃખ આપવાની શક્તિ રહેલી હોય છે. 